# અંતરમેળ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી - એપ્રીલ ૨૦૧૯ વર્ષ ૧૨ અંક ૧ પૃષ્ઠ ૧૨ રૂા. ૨/-



## ઈમેજના અધિકાર વિનાનું કાર્ય

**આ**પણે ગઈ કાલે જે વાત કરતાં હતાં, તેમાં આગળ જઈએ? આપણે ગઈ કાલે વાત કરતાં હતાં કે વિચારે પોતાની અસાધારણ ક્ષમતાથી તટસ્થ અને કાલ્પનિક વિશ્વ, ગૂંચવાડા, સંઘર્ષ, તથા અંદરની અને બહારની સતત લડાઈથી ભરેલું વિશ્વ, અને આશ્ચર્યકારક ટેક્નોલોજી બનાવી છે, અને તે સાથે જ વિચારોએ માણસને રાષ્ટ્રોમાં, ધર્મોમાં, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ અને રીતિરિવાજોમાં વિભાજિત કર્યો છે, અને વિચારોએ એકબીજા સાથેના સંબંધોમાં પણ ઘણી બધી વસ્તુઓ કરતાં એક ચોક્કસ વસ્તુ પર ભાર મૂક્યો છે, વગેરે. અને આપણે કહ્યું હતું કે જેમ વિચારનું એક ખૂબ અગત્યનું સ્થાન છે, તેવી રીતે તે ભયસૂચક સાધન પણ છે. વિચારો આપણાં સંબંધોમાં, બાહ્ય અને આંતરિક રીતે ઘણી બધી મોટી કલ્પનાઓ બાંધે છે, અને તેને કારણે સંબંધોમાં ભાગલા પડે છે, જે અચૂકપણે સંઘર્ષ અને જુદાઇ લાવે છે. આપણે ગઇકાલે જે વાત કરી તે લગભગ આ છે, જો કે હું જે બોલ્યો હતો તે બધાનું પુનરાવર્તન કરી શકું તેમ નથી, તેથી આપણે ત્યાંથી આગળ વધીએ.

આપણે કહ્યું કે વિચાર એ ઇમેજ (માનસિક છબી) છે, માપી શકાય છે, અને વિચાર ઇમેજ તરીકે અધિકાર બને છે. મારી પાસે મારી પોતાની એક ઇમેજ છે અને હું તે ઇમેજને અનુરૂપ વર્તન કરું છું, અને ત્યાં તે ઇમેજ અને વર્તન વચ્ચે ભેદ છે. આપણે આ સાથે ચર્ચીએ છીએ, હું શ્રેણીબદ્ધ ભાષણ નથી આપતો, મને તે વસ્તુ ગમતી નથી, તે કરતાં આપણે તેની ચર્ચા કરીએ, એકબીજા સાથે આદાનપ્રદાન કરીએ, અને આમાં ઘણા ઊંડા ઊતરીએ. આપણે આજે સવારે ઇમેજની આખી સંરચનાના પ્રશ્નમાં જઈએ, આપણી પાસે આપણી પોતાની અને બીજા વિષેની જે ઇમેજ છે, તે કેવી રીતે પેદા થાય છે, તેનું મહત્ત્વ છે કે નથી, તે સુસંગત છે કે અસંગત છે, અને ત્યાં મુક્તિ છે અને મુક્તિમાં અધિકાર તરીકે ઇમેજનો હસ્તક્ષેપ છે. બરોબર ને?

જીવન એ ક્રિયા છે, જીવવું એ ક્રિયા છે, જો તમે શાંતિથી બેસીને ધ્યાન કરવાનો પ્રયત્ન કરતાં હો તો - મને ખબર નથી તમારા માટે એનો શો અર્થ છે - તે પણ એક ક્રિયા છે. બધું જ ક્રિયા છે - જીવવું ક્રિયા છે અને તે ક્રિયામાં વિરોધાભાસ છે. તે ક્રિયામાં પૂર્ણ અને અપૂર્ણ કાર્યો છે. જ્યારે ક્રિયા પૂરી થાય છે, ત્યારે ત્યાં કોઈ દિલગીરી નથી હોતી, કોઈ પીછેહઠ કે પીડા નથી હોતી - તે પૂરું થયું, ખતમ થયું. પરંતુ આપણાં સંબંધોમાં આપણાં મોટાભાગનાં કાર્યો સંપૂર્ણ હોતાં નથી. અને આ સંબંધોમાં રહેલી નિષ્ક્રિયતા, આપણા પોતાના વિષે અને બીજાઓ વિષેની ઇમેજના આધિપત્યને કારણે નથી? મહેરબાની કરીને તે ભેગાં થઈને શોધો કે જેથી આપણે આ વિષે કંઈક સમજીએ, કારણ કે મારે આજે સવારે મુક્તિ અને ભયના પ્રશ્નમાં જવું છે, જો આપણે તે કરી શકીએ તો.

અને આ બધી ઇમેજો કે જે દરેકને હોય છે - તમે જાણો છો કે ઈમેજોનો હું શું અર્થ કરું છું - તમારી પાસે ઈમેજો છે, તેમાથી ડઝનબંધ તમારા પોતાના વિષે નથી? અને તે બધી ઈમેજો ક્રિયામાં અધિકાર બને છે. બરોબર? દાખલા તરીકે આપણે મંડળોની વાત કરીએ, તેઓ આખા વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે, નાનકડાં જૂથો, એવાં મંડળો કે જે સરળતાથી, ક્ષમતાથી એકબીજા સાથે સંઘર્ષ વગર રહે, જો હું તે મંડળનો સભ્ય હોઉં, જો મારી પાસે તે મંડળ કેવું હોવું જોઈએ તે વિષેની એક ઇમેજ હોય, તો તે ઇમેજ અધિકાર બને છે. જો કે હું પ્રતિષ્ઠાનના અધિકારને નકારું છું - હું ખુશ છું કે તમે સમજો છો. તો હું હજી પણ અધિકારનો ગુલામ છું, જો કે બાહ્ય રીતે હું જૂની પેઢીના અધિકારોને અને તેમના સમગ્ર ખ્યાલો, માન્યતાઓ, અંધવિશ્વાસોને, તેમની જીવનપધ્ધતિઓને નકારું છું, તેમ છતાં પણ હું અધિકારના ઢાંચાને અનુસરું છું. જ્યારે બીજી ઈમેજ તેની સાથે સંઘર્ષમાં આવે ત્યારે તે અધિકાર ક્રિયાશીલ બને છે, અને આપણે તરત જોઈએ છીએ કે મંડળ છૂટું થઈ ગયું છે, તેવું જ સમાજમાં, દરેક સ્થાપિત વ્યવસ્થામાં બને છે. તો અધિકાર તરીકેની ઇમેજ વગર ક્રિયા શક્ય છે? કારણ કે નહીંતર આપણા સહકારભર્યા સંબંધો તથા સહજીવન વિસંગત બનશે, સંઘર્ષમય બનશે - એક અધિકાર બીજા અધિકાર ઉપર દબાવ નાખશે. અહીં જે માણસો રહે છે તે અમુક ખાસ રીતે વર્તન કરે એવી અપેક્ષા રાખીને હું અહીં આવ્યો છું - તે મારો અધિકાર છે, અને હું તે અધિકાર બીજા ઉપર થોપું છું. અને પછી મારી અને તે લોકોની વચ્ચે સંઘર્ષ થાય છે. સાચું.

તો હું મારી જાતને પૂછું છું, અને મને આશા છે કે તમે પણ, કે શું આપણે ઇમેજના કોઈ આધિપત્ય વિના સંબંધ અને તેથી સહકાર રાખી શકીએ? કારણ કે જેમ જેમ દરેક જણ વિશ્વમાં વધુ ને વધુ નિરીક્ષણ કરે છે, યુરોપમાં, અમેરિકામાં, એશિયામાં અથવા ભારતમાં, તેમ તેમ આ પ્રશ્ન વધુ અને વધુ અગત્યનો બનતો જાય છેઃ કોઈ પણ પ્રકારના સંઘર્ષ વિના સાથે મળીને કેમ જીવવું. સાથે મળીને કામ કેવી રીતે કરવું, એકબીજાને સહકાર આપવો, શિષ્ટ સમાજ બનાવવો કે જેમાં - દરેક પ્રકારના સંઘર્ષો, કે જે આંતરિક છે, જે વધતાં યુધ્ધ થાય - આપણે સંઘર્ષ વિના સાથે મળીને રહી શકીએ? એનો અર્થ એમ કે હું વિશ્વમાં ઘણા બધા સાથે અથવા થોડા લોકો સાથે ઇમેજના સ્વરૂપે અધિકારના ભાન વિના રહી શકું, કે જે મેં મારા પોતાના માટે

(પાના નં. ૨ પર...

સંપાદકીય

**આ**ધિપત્ય એટલે પ્રભુત્વ. જન્મથી શરૂ કરીને આપણા જીવનમાં આપણી ઉપર આધિપત્ય ધરાવનારાંઓ જ ઊભાં થાય છે. પહેલવહેલા પ્રભુત્વ રાખનારાં હોય છે આપણા પાલક, જે આપણા ભલા માટે વિચારીને પોતાના પ્રભુત્વની જાણ કરતાં હોય છે. આ અધિકાર તેમની પાસે પરંપરાથી આવેલો હોય છે. તેમાં આજ્ઞાપાલન હોય છે, પડકાર નથી હોતો. થોડાક પ્રમાણમાં, થોડાક સમય માટે, આ અધિકાર યોગ્ય છે, પણ જ્યારે પુર્ણ સ્વીકારની વાત આવે છે ત્યારે સમસ્યા નિર્માણ થાય છે, જ્યારે આધિપત્ય ફક્ત બાહ્ય કારણો પૂરતું મર્યાદિત રહેતું નથી અને આપણા આંતરમનની તાબેદારી માંગે છે ત્યારે સમસ્યા ઊભી થાય છે, સ્વતંત્ર વિચાર કરવાની ક્ષમતા પૂરી થાય છે. અંતરમનનું ખીલવું બંધ થઈ જાય છે, આધ્યાત્મિક વિકાસ તો દૂરની વાત થઈ જાય છે.

જીવનમાં ડોક્ટર, એન્જિનિયર જેવા તંત્રજ્ઞાનના પ્રભુત્વની જીવનમાં એક નાની શી જગ્યા છે. પરંતુ તેને લીધે આવનારી પરાવલંબનની આદત ક્યારે અંતરમનને વ્યાપી જાય છે તે ખબર પડતી નથી. આ સિવાય પણ આપણા મને ઊભું કરેલ આધિપત્ય પણ હોય છે. જીવનનો અર્થ સમજવામાં આ આધિપત્ય આપણને વંચિત રાખે છે. ઉદાહરણ તરીકે કર્તવ્ય, નિષ્ઠા, શ્રદ્ધા, માન્યતાઓ વગેરેથી આપણે બંધાઈ જતાં હોઈએ છીએ. આ બધી મનની સ્વનિર્મિત કલ્પનાઓ છે. પણ તે છતાં તે સત્ય કરતાં પણ વધારે સાચી લાગે છે અને ખરેખરા જીવનમાં તેમનો જ આધાર લેવાય છે. માણસ કર્મઠ બને છે. પણ કર્મઠપણું એ હિંસાનું મૂળ છે. જે મનમાં કરુણા, પ્રેમ, પ્રજ્ઞા, સંવેદનશીલતા ખીલી શકે છે તે મન આવા કર્મઠપણાને લીધે એનાથી વંચિત રહી જાય છે.

આધિપત્યની ભાવનાને લીધે વ્યક્તિની ખરા અર્થમાં શીખવાની ક્ષમતાનો નાશ થાય છે. બુદ્ધિ ગંઠાઈ જાય છે. એટલે જ આધિપત્ય એ શિક્ષણ માટે અવરોધ છે એવું કૃષ્ણમૂર્તિ માને છે અને ગુરુપરંપરાને નકારે છે.

હજારો વર્ષોથી ચાલી આવતી પરંપરાથી મુક્ત થવું મુશ્કેલ છે. કૃષ્ણમુર્તિના વિચારો સાંભળ્યા પછી 'આપણે આ આધિપત્યની ગુલામગીરીમાં જીવી રહ્યા છીએ' એટલી જાગૃતતા પણ જો આવી તો પણ ઘણું સાધ્ય થઈ શકશે, આ જાગૃતતા આવવી પણ ઘણી મહત્ત્વની છે.

...પાના નં. ૧ થી આગળ)

વર્તનના ઢાંચા તરીકે સ્થાપી છે. આગળ જાઓ સાહેબ, ચાલો આના પર સાથે મળીને કામ કરીએ.

પ્રશ્નકર્તાઃ જ્યારે લોકો અનુભવ વહેંચે છે, ત્યાં એક ઇમેજ રચાઇ હોય તેવું લાગે છે, જ્યારે લોકો તેમણે વહેંચેલા અનુભવો વિષે એકબીજાને સાંકળવાનો પ્રયત્ન કરે છે. જેઓને તે અનુભવ ન હોય, તેઓ એ ઇમેજના આદાનપ્રદાનમાં ભાગ લઇ શકતા નથી.

કૃષ્ણમૂર્તિઃ તો અનુભવ ત્યારે ઇમેજ બને છે, કે જે અધિકાર બને છે. હું જાણું છું અને તમે જાણતા નથી, મે અનુભવ્યું છે નિર્વાણ, ઈશ્વર, તે જે હોય તે, અને તમે અનુભવ્યું નથી, તમે બિચારા, કમનસીબ, અસંસ્કારી છો અને હું નથી. આખી વસ્તુ વાહિયાત બની જાય છે. તો કૃપયા આ ખરેખર ખૂબ ગંભીર સવાલ છે. તે એવી મામૂલી વસ્તુ નથી કે તમે સહજતાથી જવાબ આપી શકો અથવા ભારપૂર્વક કહી શકો, પણ તેના માટે મોટી માત્રામાં કસોટી અને સંશોધન જરૂરી છેઃ કે માનવમન, જેણે પોતાની સલામતી માટે, એના બીજા માણસો સાથેના સંબંધોમાં જ્ઞાન તરીકેની શ્રેણીબંધ ઈમેજો બાંધી છે, અને જો તે બધી ઈમેજો રહે તો પછી ત્યાં અવશ્ય વિભાજન છે અને તેથી સંબંધોમાં સંઘર્ષ છે. તે ઈમેજો વિચાર દ્વારા બંધાઈ છે, અને શું ઇમેજ વિનાના વિચારો આધારિત સંબંધ હોઈ શકે, જો ઇમેજ ન હોય તો શું તે પ્રેમ છે? કૃપયા, આ સમજો છો? કોઈપણ પ્રકારના અધિકારના ભાન વિના ક્રિયા થઈ શકે?

બ્રોકવુડ પાર્ક, ૫મી સપ્ટેમ્બર ૧૯૭૧, પબ્લિક ટોક ૨

## સદ્ગુણમાં અધિકારની ભાવના નથી

**મ**ન પોતે સ્વીકારેલા બહારના આધિપત્યથી મુક્ત એટલે કે ભયમુક્ત બની શકે, કે જેથી તેનામાં અનુસરવાની ક્ષમતા ન રહે? જો એવું થાય તો અનુકરણ કે જે યાંત્રિક બની જાય છે તેનો અંત આવે. છેવટે સદ્ગુણ એ કંઈ જે સારું છે એનું પુનરાવર્તન નથી. જે ક્ષણે તે યાંત્રિક બને છે, તે ક્ષણે સદ્ગુણનો અંત આવે છે. સદ્ગુણ એ એવું કંઈક છે જે પ્રતિપળ હોવું જોઈએ, નમ્રતાની જેમ. નમ્રતા કેળવી શકાતી નથી, અને એ મન કે જેમાં નમ્રતા નથી, તેનામાં શીખવાની ક્ષમતા નથી. એટલે સદ્ગુણથી ઉપરવટ હોય એવો કોઈ જ અધિકારી નથી. સામાજિક નૈતિકતા એ નૈતિકતા નથી; તે અનૈતિક છે કેમ કે તે સ્પર્ધા, લોભ અને મહત્ત્વાકાંક્ષાને યોગ્ય ગણે છે, અને આનો અર્થ એ કે સમાજ અનૈતિકતાને પ્રોત્સાહન આપે છે. સદ્ગુણ એ નૈતિકતાથી ચડિયાતો છે. સદ્ગુણ વિના વ્યવસ્થા ન સંભવે, અને વ્યવસ્થા કોઈ માળખા મુજબ કે કોઈ સૂત્ર પ્રમાણે ન હોય. એ મન જે સદ્ગુણ પ્રાપ્ત કરવા માટે પોતાને શિસ્તબદ્ધ કરીને કોઈ એક સૂત્રનું અનુસરણ કરે છે, તે પોતાના માટે અનૈતિકતાની સમસ્યાઓ સર્જે છે. જ્યારે મન યથાર્થ સદ્ગુણને સમજવા મથતું હોય, ત્યારે કાયદેસર બાબતો સિવાયનો મને પોતે ઘડેલો બાહ્યાધિકાર - ભગવાન તરીકેનો, નૈતિકતા તરીકેનો વગેરે - વિનાશક બને છે. આપણે આપણા પોતાના અનુભવ તરીકેના અને જ્ઞાન તરીકેના અધિકારને અનુસરવા પ્રયત્ન કરીએ છીએ. આપણે સૌ જાણીએ છીએ કે તેમાં સતત પુનરાવર્તન અને અનુકરણ હોય છે.માનસિક અધિકાર - કાયદાનો કે વ્યવસ્થા જાળવનાર પોલીસનો અધિકાર નહીં -, જે દરેક માણસ પાસે છે, તે સદ્ગુણનો વિનાશક બને છે, કારણકે સદ્ગુણ એ જીવંત અને ગતિશીલ છે. જેમ તમે નમ્રતા કેળવી શકતા નથી, જેમ તમે પ્રેમ કેળવી શકતા નથી, તે જ પ્રમાણે સદ્ગુણ પણ કેળવી શકતા નથી; અને તેમાં અસાધારણ સુંદરતા છે. સદ્ગુણ એ અયાંત્રિક છે અને સદ્ગુણ વિના સ્પષ્ટ વિચારસરણી માટે કોઈ આધાર જ રહેતો નથી.

*જીવનનું પુસ્તક -*
*કૃષ્ણમૂર્તિના સાથે રોજરોજ ધ્યાન,* જાન્યુઆરી ૧૬

# ભય અધિકારને જન્મ આપે છે

જીવનમાં એક અગત્યની વસ્તુ, કદાચ સૌથી અગત્યની વસ્તુ, છે મુક્તિ, સ્વતંત્રતા. આ શબ્દનો આપખુદશાહી અને લોકતાંત્રિક સરકારો દ્વારા અતિશય દુરુપયોગ થયો છે, અને ધર્મોએ વિશ્વમાં દરેક જગ્યાએ એનો દુરુપયોગ કર્યો છે. વ્યક્તિગત મુક્તિ અને સ્વતંત્રતા ક્યાંય નથી, સિવાય કે કદાચ વૈજ્ઞાનિક વિશ્વમાં. તે વેપારની દુનિયામાં અથવા તો માણસે ભય અને માન્યતા દ્વારા ઘડેલા ધાર્મિક માળખામાં અસ્તિત્વમાં નથી; સરકારો અથવા તો માનવીય પ્રવૃત્તિના કોઈપણ ક્ષેત્રમાં અસ્તિત્વમાં નથી. પણ માણસ સતત એ વાત પર ભાર મૂકે છે કે તે પોતે સ્વતંત્ર છે અને ફરિયાદ કરે છે કે આસપાસની પરિસ્થિતિ તેને ગુલામ બનાવે છે. મુક્તિ એટલે પોતાના માટે સ્પષ્ટપણે વિચારવા માટેની સ્વતંત્રતા, સમાજના આદેશો અનુસાર કે પોતાનાં માનસિક વલણો અનુસાર નહીં. આવી મુક્તિ ખૂબ મુશ્કેલ છે, પણ મુક્તિ વિના કોઈ ઘણું કરીને, આપણે જે રોજેરોજના દુ:ખોને જાણીએ છીએ તેનાથી તદ્દન જુદા એવા જીવનની શોધ કરી ન શકે અને તેવું વિશિષ્ટ જીવન જીવી ન શકે.

મુક્તિ એ માત્ર કશાકમાંથી સ્વતંત્રતા નથી, પણ તે પોતાનામાં મુક્તિ છે. એનો અર્થ એવો નથી કે કોઈ પોતાને જે ગમે તે કરવા સ્વતંત્ર છે, એટલે દરેકે તે શબ્દનું તાત્પર્ય તથ્યાત્મક રીતે સમજવાનું છે, નહીં કે ખાલી મૌખિક રીતે. આપણે સ્વતંત્રતા શું છે તેની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન નથી કરતા; દરેક માણસ પોતાની કલ્પના, માનસિક વલણ અથવા તો ઉછેર પ્રમાણે તેનું અર્થઘટન કરે છે અને કેટલાક આવી કોઈ વસ્તુ હોવાનો ઇનકાર પણ કરે છે. મુક્તિ શોધવાથી મુક્તિ મળતી નથી, પણ એ સમજવાથી મળે છે કે એવું શું છે જે મનને કેદ કરી રાખે છે. જ્યારે આ કેદની દીવાલો તૂટશે ત્યારે ત્યાં મુક્તિ સ્વાભાવિક રીતે હશે જ, અને કોઈએ તેને શોધવાની જરૂર નહીં રહે. તો અગત્યનું એ નથી કે કે મુક્તિ કેવી રીતે મેળવવી અથવા પૂછવું કે મુક્તિ શું છે, પણ એના કરતાં એ પૂછવું કે મન, જે સમય અને પરિસ્થિતિઓની નીપજ છે અને જેને વિપત્તિઓ અને સંઘર્ષનો અનુભવ થયા કરે છે, તે મુક્ત કેમ નથી?

અગત્યનું છે તે શોધવું કે મન કેમ લાખો વર્ષોથી ભારે અનુબંધિત છે. આ એક કેદખાનું છે જ્યાં તે રહે છે. મન, સમાજ અને તેની સંસ્કૃતિ, નિયમો, ધાર્મિક પ્રતિબંધો, આર્થિક દબાણો વગેરેથી બંધાયેલું છે. મન છેવટે ભૂતકાળનું પરિણામ છે, અને આ ભૂતકાળ એ પ્રણાલિકા છે. તે આ પ્રણાલિકામાં સંઘર્ષ, સંગ્રામ અને ઉદ્વેગ સાથે રહે છે. દરેક માણસે એ પૂછવું જોઈએ કે મન પોતાના અનુબંધનમાંથી મુક્ત થઈ શકે કે કેમ. કેટલાક લોકોએ કહ્યું છે કે તે હંમેશાં અનુબંધિત જ રહે છે અને ક્યારેય મુક્ત થઈ શકતું નથી અને બીજા કેટલાક લોકોએ એવું કહ્યું છે કે મુક્તિ અહીં ક્યારેય મળી શકે નહીં, પણ ફક્ત ભવિષ્યના સ્વર્ગમાં જ મળી શકે, અથવા કોઈ બલિદાન, શિસ્ત અને કહેવાતી ધાર્મિક પ્રથાના લાંબા અનુસરણના કાર્યક્રમને અંતે મળી શકે. અનુબંધનમાથી સ્વતંત્ર થયા વગર, માણસાઈ હંમેશાં કેદી બનીને રહે છે અને જીવન યુદ્ધભૂમી.

આ શોધમાં સૌથી પહેલાં અધિકારનો સ્વભાવ સમજવાનો છે. કોઈ પણ સમાજમાં કાયદો અને પોલીસ જરૂરી છે, પણ આપણે વિચાર અને લાગણીઓના આંતર્વિશ્વમાં પણ પોલીસને રજૂ કર્યો છે. આ વિશ્વમાં આજ્ઞાંકિતતા એ પ્રણાલિકા, અનુભવ, માં-બાપ, સમાજ અને ગુરુ માટેના સ્વભાવગત આજ્ઞાપાલન દ્વારા રેડવામાં આવી છે. પણ આજ્ઞાંકિતતા ભયમાંથી જન્મે છે, ખોટું થશે તેવો ભય, સ્વતંત્ર રીતે વર્તવાથી થતો ભય, અસલામતીનો ભય, સમાજના ભાગરૂપે ન રહી શકવાનો ભય, એકલતાનો ભય, ભૂલ થવાનો ભય. તો, આ ભય અધિકારને જન્મ આપે છે. દરેકને સમાજે સ્થાપિત કરેલા સન્માનિત માર્ગને સ્વીકારીને જીવવું હોય છે. તે આ જ ભય છે જેણે મનને બાંધી રાખ્યું છે; ભયે આ સમાજ બનાવ્યો છે, જેમાં મન ગુલામ બન્યું છે. મને પોતાનાં ભય, લોભ, મહેચ્છા, ઈર્ષ્યા વગેરે દ્વારા આ સમાજ રચ્યો છે.

શિસ્ત કે જે કોઈપણ અનુસરણ વિના કુદરતી રીતે આવે છે, તે આ બધા ભય, ઉદ્વેગો અને ઈર્ષ્યાઓનું સરળ અવલોકન છે; તમારા પોતાના ભયોને જોવા, તમારી પોતાની મહત્ત્વાકાંક્ષાઓને એવી રીતે જોવી કે જેમ તમે વૃક્ષને જુઓ છો. આ બધું જોવું તે શિસ્ત છે. શિસ્ત શબ્દનો અર્થ છે શીખવું, નહીં કે નિયમપાલન, દમન કે આજ્ઞાંકિતતા. પ્રકૃતિ અને અનુબંધનના માળખાનો અભ્યાસ વ્યવસ્થા લાવે છે; સમાજની વ્યવસ્થા નહીં કે જે તો ગેરવ્યવસ્થા છે.

તો, વિશ્વ શું છે તે જોવું, તેનાં યુદ્ધો, વિગ્રહો, દ્વેષભાવ, સંઘર્ષો સાથે, એટલે તમને પોતાને જેવા છો તેવા જોવા. અને તમને પોતાને જેવા છો તેવા જોવા એટલે દુનિયાને જોવી, કે જેને તમે જેવા છો તેમાંથી રચી છે. આ જોવામાં મુક્તિ છે. ભયને જોવો એટલે તેનાથી દૂર રહેવું. માણસના ભારેખમ અનુબંધનના ભયને જોવો એટલે બધા અનુબંધનથી દૂર રહેવું. આ બધામાં અગત્યનું છે ફક્ત બુદ્ધિ દ્વારા નહીં, પણ સાથે વાસ્તવિક આંખથી જોવું.


*Letters to Schools - The Whole Movement of Life is Learning,* Chpt. 58

# અધિકાર આગેવાન અને અનુયાયી બંનેને ભ્રષ્ટ કરે છે

આત્મજાગૃતિ એ કઠિન છે, અને આપણાંમાંના મોટાભાગના લોકો સરળ અને ભ્રામક રસ્તાને અધિક ચાહતા હોવાને કારણે આપણે બહારના કોઈ એવા આધિપત્યનો (બાહ્યાધિકારનો) સ્વીકાર કરીએ છીએ જે આપણાં જીવનને બીબાંઢાળ આકાર આપે. આ બાહ્યાધિકાર એ સામૂહિક કે રાષ્ટ્રસરકાર હોઈ શકે, અથવા વ્યક્તિગત -શિક્ષક, તારણહાર કે ગુરુ - હોઈ શકે. કોઈ પણ સ્વરૂપમાં અધિકાર એ અંધ કરનારો છે, જે વિચારશૂન્યતાને ઉછેરે છે, આપણાંમાંના મોટાભાગના લોકો વિચારશીલ હોવાનો અર્થ પોતાને પીડા થવી એમ લેખતા હોવાને લીધે આપણે પોતાની જાતને કોઈના આધિપત્યને સોંપી દઈએ છીએ. અધિકાર સત્તાને પેદા કરે છે, સત્તા હંમેશાં કેંદ્રીકૃત અને તેથી તદ્દન ભ્રષ્ટ કરનારી બની જાય છે; તે માત્ર સત્તાધારીને જ નહીં, કિન્તુ સત્તાનું અનુસરણ કરનાર અનુયાયીને પણ ભ્રષ્ટ કરે છે. જ્ઞાન (knowledge) અને અનુભવનો અધિકાર અવળે માર્ગે લઈ જાય છે, પછી ભલે તે શિક્ષકમાં રહેલો હોય, તેના પ્રતિનિધિમાં હોય કે ધર્મોપદેશકમાં હોય. આ અંતહીન સંઘર્ષભર્યું તમારું જે જીવન છે તે અગત્યનું છે, નહીં કે કોઈ ઢાંચો કે કોઈ આગેવાન. શિક્ષકનો અને પૂજારીનો અધિકાર તમને મુખ્ય મુદ્દાથી દૂર કરે છે, મુખ્ય મુદ્દો છે તમારી ભીતરનો સંઘર્ષ.

*જીવનનું પુસ્તક - કૃષ્ણમૂર્તિના સાથે રોજરોજ ધ્યાન, જાન્યુઆરી ૨૧*

# રાજઘાટ વારાણસીમાં ભરાયેલ KFIનું વાર્ષિક સંમેલન

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન (ઇંડિયા)નું વાર્ષિક સંમેલન આ વર્ષે રાજઘાટ વારાણસીમાં ૩૧ ઑક્ટોબર થી ૩ નવેમ્બર ૨૦૧૮ દરમ્યાન ભરાયું હતું. સંમેલનનો વિષય હતો Crisis In Society And Individual Responsibility - સમાજમાં પ્રવર્તતી કટોકટી અને વૈયક્તિક જવાબદારી'. લગભગ ૨૦૦ જેટલા અભ્યાસુઓએ આ સંમેલનમાં ભાગ લીધો હતો.

પહેલા દિવસની શરૂઆત ફાઉન્ડેશનના મુખ્ય સચિવ શ્રી કંદાસ્વામીના ભાષણથી થઈ. સંકલ્પના, વિચારસરણી, ધાર્મિક માન્યતાઓ, પૈસા, મિલ્કત, રાષ્ટ્રીયતા વગેરેને કારણે થતાં સંઘર્ષથી માણસ માણસની વચ્ચે, સગાસંબંધીઓની વચ્ચેનો સંઘર્ષ એ જ મોટામાં મોટી સામાજિક કટોકટી છે. શિક્ષણ, રાજકારણ, સંસ્કૃતી, પર્યાવરણ, અર્થવ્યવસ્થા જેવા અનેક ક્ષેત્રોમાં ચાલી રહેલ હ્રાસ તરફ પ્રામાણિકતાથી જોવાની અને પોતાના સંબંધોનું ઊંડું નિરીક્ષણ કરવાની તેમણે શ્રોતાઓને વિનંતી કરી.

તે પછી, નાના નાના જૂથોમાં થયેલ સંવાદોમાં : જીવનમાંના પડકારોનો સમગ્રતાથી સામનો કરવો એટલે શું? જીવનના પ્રત્યેક પડકારનો સંવેદનશીલતાથી સામનો કરવો શક્ય છે કે? દરેક બાબતમાં તૂલના કે મનમાં તે વિશેની એક છબી ઊભી કરવાને બદલે તેને સમજી શકીએ કે? કેવળવર્તમાનમાં જીવી શકીએ કે? વગેરે વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા થઈ.

એ બપોરે સંમેલનમાં સહભાગી થયેલ અભ્યાસકોને પરિસરની ચારે તરફ ફરાવવા માટે લઈ જવામાં આવ્યા અને સાંજના કૃષ્ણમૂર્તિના ભાષણના વિડિયો બતાવવામાં આવ્યા.

બીજા દિવસે, પુનાની બાજુમાં આવેલ સહયાદ્રી સ્કુલના ડો. શૈલેશ શિરાળીનું 'બદલાવની તાકીદ' વિષય પર ભાષણ થયું. ભાષણમાં લાલચી વૃત્તિને લીધે નિર્માણ થયેલ આપત્તિ, અનાવશ્યક ક્ષુદ્ર વાતોમાં મન મગ્ન રહેવાને લીધે નિર્માણ થતી અસંગતતા જેવી પરિસ્થિતિઓનો તરુણોએ કેવી રીતે સામનો કરવો એના વિશે વિસ્તારથી વાત કરી. સત્તા, કલ્પના, ચિહ્ન, રાષ્ટ્રવાદ, ખેલજગત, મનોરંજનના સાધનો, ધર્મ, પ્રદેશ વગેરે વિશેની ક્ષુલ્લક બાબતોમાં માણસ જકડાઈ ગયો છે, જે અત્યંત વિનાશકારી છે. આજની તરુણ પેઢી શું કરી શકે એ બાબતના વિચારો માંડતા, વિજ્ઞાન તરફ આજે જોવા મળતી ઉદાસીનતા, અત્યારના કાળમાં વૈજ્ઞાનિક ક્ષેત્રને મળેલ ઉતરતી કક્ષા, અને એ માટે મોટાભાગે જોવા મળતી દોષીવૃત્તિ આ બાબતો તરફ તેમણે ઘોર ચિંતા દર્શાવી. અધિકાધિક મેળવવાની અપેક્ષાઓ અને વિકાસના નામથી નિસર્ગનો જે ઘોર વિનાશ ચાલી રહ્યો છે તે જ આપણા આ સમાજમાં પ્રવર્તી રહેલ ભયાનક તાણ-તણાવનું મૂળ હોઈ શકે કે? એવો પ્રશ્ન કરીને આપણે આ પૃથ્વી ઉપર એક મહેમાનની જેમ રહીને, આ ધરતી પર નમ્રતાપૂર્વક, કાળજીપૂર્વક જીવન ચલાવી ન શકીએ કે? એ પ્રશ્ન દ્વારા તેમણે પોતાની વાતની સમાપ્તિ કરી.

તે પછી થયેલ જૂથચર્ચામાં નીચેના કેટલાક મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ. સાથે મળીને વિચાર મંથન કરવાની શરૂઆત કઈ રીતે કરવી? માનસિક ચિત્ર એટલે શું અને એ માનસિક ચિત્ર તરફથી આપણને શી શી અપેક્ષાઓ રહે છે? નિરવ શાંતિની ક્ષણોમાં કોઈપણ માનસિક ચિત્ર અસ્તિત્વમાં હોય છે કે? આપણે જ્યારે કંટાળાથી ભાગવાનો પ્રયત્ન ન કરીએ ત્યારે શું થાય છે? આત્મબોધમાંથી આવનાર શાણપણ-સમજદારી અને જ્ઞાનને કેવી રીતે સાચવી શકીએ? આંતરિક પરિવર્તનથી સમાજમાં બદલાવ લાવી શકાય કે?

બપોરે શિબિરાર્થીઓને વારાણસી શહેરની સફર કરવા માટે તથા હોડીમાં પ્રવાસ કરાવવા માટે લઈ જવામાં આવ્યા. રાતનાં જમ્યા પછી, કૃષ્ણમૂર્તિના ભાષણના વિડિઓ બતાવવામાં આવ્યા.

ત્રીજા દિવસે ચેન્નઈની પાસે આવેલી પાઠશાળા નિવાસી શાળાના ડાયરેક્ટર શ્રી જી. ગૌતમનું 'શૈક્ષણિક પડકારો' વિષય ઉપર પ્રવચન થયું. તેમણે કહ્યું કે શિક્ષણનો હેતુ 'આજના આર્થિક, સામાજિક ચોકઠાંમાં બંધબેસતાં થઈ શકે એવા વ્યક્તિનું ઘડતર' એ નહીં પણ 'એક જવાબદાર, સારા મનુષ્યનું નિર્માણ કઈ રીતે થઈ શકે' એ હોવું જોઈએ. શાળા એ સદ્‌બુદ્ધિનું કેન્દ્ર હોવું જોઈએ અને ત્યાં એક સાથે મળીને, સહભાગથી કામ કરવાના મૂલ્યને અંદર ઊતારવો જોઈએ. કેવળ પોતાના વૈયક્તિક ફાયદાને સંભાળવા, ત્યાંની શિક્ષણ વ્યવસ્થાનો મૂકપણે સ્વીકાર કરવાને બદલે વિદ્યાર્થીઓમાં સહભાગની ભાવના વડે પ્રશ્નો ઊભા કરવાની જવાબદારી ભરી વૃત્તિની પ્રશંસા કરવામાં આવવી જોઈએ. શિક્ષકની ભૂમિકા પ્રચલિત સામાજિક મૂલ્યોને આંધળું પીઠબળ આપનારી નહીં પણ તે મૂલ્યો તરફ ગંભીરપણે સૂક્ષ્મદષ્ટિથી પ્રશ્ન ઉપસ્થિત કરવાની હોવી જોઈએ. અન્ય અનેક મહત્વના મુદ્દા શ્રી ગૌતમે ઊભા કર્યા.

નાની જૂથચર્ચામાં 'શાળામાં શાંતપણે સાંભળી શકાય એવું વાતાવરણ કઈ રીતે ઊભું કરી શકાય?','તંત્રજ્ઞાનમાં પ્રાવીણ્ય મેળવવાની સાથે જ વિદ્યાર્થી આંતરિક ચિંતન કરવાની ક્ષમતા પણ આત્મસાત કરી શકે એ માટે શિક્ષણ પદ્ધતિમાં કયા ફેર બદલાવની જરૂરત છે?', 'આપણે આપણને જેમાં રસપડતો હોય તે પ્રવૃત્તિઓમાં જ ધ્યાન આપી શકીએ અને અન્ય બીજી સર્વે બાબતો, કલ્પના, વિચાર વગેરે તરફ દુર્લક્ષ કરતા હોઈએ છીએ એવું કેમ?', 'આપણું મન ધર્મશીલ કેવી રીતે બની શકે?' આવા કેટલાંક મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ.

એ સાંજે ઠુમરી-દાદરા ગાયકી અને સંત કબીરના દોહામાં નિપુણ એવા શ્રીમતિ વિદ્યા રાવના કર્ણપ્રિય શાસ્ત્રીય ગાયનના કાર્યક્રમનો આનંદ સર્વ મહેમાનોએ લીધો.

સંમેલનના છેલ્લા એટલે કે ચોથા દિવસે આયોજિત કરાયેલ પરિસંવાદમાં શ્રી સિદ્ધાર્થમેનન, શ્રી કે. કૃષ્ણમૂર્તિ, શ્રી અમરેશ કુમાર અને શ્રી મુકેશ ગુપ્તાએ ભાગ લીધો હતો. પરિસંવાદમાં સંમેલનમાં કરાયેલ ભાષણો - ચર્ચામાં ઊભા થયેલ પ્રશ્નો ઉપર ઊંડી ચર્ચા કરવામાં આવી.

કે. કૃષ્ણમૂર્તિએ યાદ કરાવ્યું કે માણસમાં મૂળભૂત પરિવર્તન આવ્યું ન હોય તો સારા ઉદ્દેશથી કરવામાં આવેલ સામાજિક સુધારો આજના પડકારરજનક કાળનો સામનો કરવામાં અપુરતો થઈ પડશે આ વાત કૃષ્ણમૂર્તિએ વારીવારીને ફરીફરીને કહેલી છે. શ્રી સિદ્ધાર્થ મેનને શ્રોતાઓને સલાહ આપી કે પરિવર્તનની કલ્પનાથી ભયભીત થવાને બદલે આપણા રોજિંદા જીવનમાં થનાર સાવ નાના અર્થપૂર્ણ બદલાવ તરફ ધ્યાન આપવું જોઈએ. શ્રી મુકેશ ગુપ્તાએ પ્રશ્ન કર્યો કે આપણાં રોજના જીવનમાં અને સંબંધોમાં આવનાર પડકારો સામે આપણે કેટલાં સંવેદનશીલ હોઈએ છીએ, કે પછી જાગૃતતા આણવા માટે આપણે મોટી આપત્તીઓની રાહ કેમ જોઈએ છીએ?

આ સંમેલનના નિમિત્તે ઊભા થયેલા પ્રશ્નો સાથે લઈને બધાંએ સંમેલનની રજા લીધી.

## મુક્ત શિક્ષણ



૧૧-૧૪મી જુલાઈ ૨૦૧૮: ડોક્ટર એસ. રાધાકૃષ્ણ સ્કૂલ, બોમ્બે સાથેના સહયોગથી કેમ્બ્રિજ ગુરુકુળ - બી.સી.જી. - જૂથ, મુંબઈ ખાતે શૈક્ષણિક વર્કશોપ્સ ગોઠવવામાં આવી હતી. વિષય હતો સીમાઓ વિનાનું શિક્ષણ. વેલી સ્કૂલ બેંગલોરના શ્રી ગોપાલને તેમના સહકાર્યકરો શ્રીમતી શોભા, શ્રીમતી રિચા અને શ્રીમતી સુનિતા સાથે મળીને વર્કશોપ્સની દોરવણી કરી.

મુંબઈ, પૂના અને બીજી જગ્યાઓની જુદીજુદી શાળાઓ તરફથી ૧૧-૧૨ જુલાઈના રોજ વર્કશોપ યોજાઇ હતી, તેમાં લગભગ ૯૦ શિક્ષકો હાજર રહ્યા હતા. ડો. એસ. રાધાકૃષ્ણ સ્કૂલના લગભગ ૧૦૦ શિક્ષકોએ ૧૩ જુલાઈની વર્કશોપમાં હાજરી આપી. ૧૪મી જુલાઈએ પ્રાથમિક અને માધ્યમિક વર્ગોના વાલીઓની બે જુદીજુદી વર્કશોપ્સ યોજાઇ હતી, તેમાં ૨૦૦થી વધુ વાલીઓએ હાજરી આપી હતી.

શિક્ષણની સાકલ્યવાદી વિભાવના કેવી રીતે વર્ગમાં ભણાવવાની અને શીખવાની પ્રક્રિયાને અસર કરી શકે અને તેનો માર્ગ સુનિશ્ચિત કરી શકે, તેની તપાસ કરવી તે આ વર્કશોપ્સની શ્રેણીઓનો ઉદ્દેશ હતો. શ્રી ગોપાલને શિક્ષકો સાથે વિષયનાં વિવિધ પાસાંઓને આવરી લઈને સંવાદની શરૂઆત કરી - શિક્ષણનો ઉદ્દેશ, વિચારવું, શીખવું અને સમજવું, સ્પર્ધા અને અન્ય પ્રેરણાત્મક પરિબળો. શ્રીમતી સુનિતા, બાળકોને ઇવીએસ (EVS) ભણાવતી વખતે અધિક રસ લેતા કરવા વિષે, પોતાનાં વાલી તરીકેનાં તેમ જ શિક્ષક તરીકેનાં સંશોધનો વિષે બોલ્યાં. શ્રીમતી શોભા, બાળકો સાથે પ્રેમ, અનુરાગ અને ઊંડી સમજણ સાથે ગાઢ સંબંધો બનાવવા વિષે, જેમ જેમ આગળ જોઈએ તેમ તેમ અભિગમમાં જરૂરી ફેરફારો કરતા રહેવા વિષે, અને સૌ કેવી રીતે સાથે મળીને શીખે છે તે વિષે બોલ્યાં. શ્રીમતી રિચાએ પ્રશ્ન પૂછવાના વલણનું, ભણાવતી વખતે પોતાની જાતને પ્રશ્ન પૂછવાનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે વિષયના નિરીક્ષણ સાથે પોતાની મુસાફરીને સાંકળી.



પ્રાથમિક અને માધ્યમિક વર્ગોની સમીક્ષાઓના આધારે પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી. ભાગ લેનારાઓને સોંપણીઓ આપવામાં આવી. બધા જ જૂથોમાં અરસપરસ સહભાગિતા હતી અને ઘણા સવાલો ઉઠ્યા અને ચર્ચાયા. શ્રી ગોપાલને ભણતર પર જીવનશૈલીની અસર વિષે અને સલામત પરિસ્થિતિમાં રહેવાનો પ્રયત્ન કરવા કરતાં સાહસિક નિર્ણયો લેવાની આવશ્યકતા વિષે પાયાના સવાલો ઉઠાવ્યા. ઓછા સમયમાં ઘણી બધી નિરુપણની ભૂમિકા આવરી લેવાઈ. શિક્ષકો અને વાલીઓને ચિંતન કરવા માટે ઘણી સામગ્રી મળી.

બધા શિક્ષકોને તમને શા માટે શિક્ષિત કરવામાં આવે છે? પુસ્તકની એક નકલ આપવામાં આવી. શીખવા વિષે (આગળનું જીવન ની પ્રસ્તાવના) પુસ્તકની બે ભાષાની આવૃત્તિ (અંગ્રેજી અને હિન્દી) બધા જ વાલીઓને આપવામાં આવી.


## શિક્ષકો માટે કાર્યશાળા

૨૨-૨૫ નવેમ્બર ૨૦૧૮: સહયાદ્રી અભ્યાસ કેન્દ્ર ખાતે 'સાચું શિક્ષણ એટલે શું' વિષય ઉપર, બદલાપુરની આજુબાજુની શાળાઓના શિક્ષકો માટે એક કાર્યશાળા યોજાઇ હતી. તેમાંના કેટલાક શિક્ષકો છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રીમતી વાસંતી પડતે સાથે કૃષ્ણમૂર્તિના શિક્ષણ અંગેના દિવ્યદર્શન વિષે બદલાપુર અભ્યાસ કેન્દ્ર ખાતે અરસપરસ વાતચીત કરે છે.

આ શિક્ષકો માટે કૃષ્ણમુર્તિ સ્કૂલની મુલાકાત તે પહેલીવારનો પ્રસંગ હતો. તેઓને શાળાસભામાં હાજર રહેવાની અને શિક્ષકો સાથે અરસપરસ વાતચીતની એક તક મળી હતી.

કૃષ્ણમૂર્તિના શિક્ષણ-જીવન દૃષ્ટીના વિવિધ પહેલુઓની ઓળખ થાઇ શકે એ હેતુથી કોઇ વિશિષ્ટ સંસ્થા માટે કે જૂથ માટે આવી કાર્યશાળાના નિયમિત સત્ર યોજવા શક્ય છે. તે માટે સહ્યાદ્રી અધ્યયન કેંદ્ર અથવા મુંબઈ કેંદ્રનો સમ્પર્ક કરવો.

# સ્ટોરીટેલના મોબાઈલ ઍપ દ્વારા મરાઠી પુસ્તકો ઉપલબ્ધ







કૃષ્ણમૂર્તિના અનેક પુસ્તકોનો ભારતની અનેક ભાષાઓમાં અનુવાદ થયેલો છે. ઇન્ટરનેટના આ નવા જમાનામાં ઘણાં વાચકોને પોતાના મોબાઇલ અને કમ્પ્યુટરનો ઉપયોગ કરીને દશ્યશ્રાવ્ય માધ્યમમાં વાંચન, શ્રવણ કરવા તરફ વધારે ઝોક છે. આ વાતને ધ્યાનમાં રાખીને હવે કૃષ્ણમૂર્તિના અનુવાદિત પુસ્તકોની ધ્વનિમુદ્રિત આવૃત્તિઓ (ઑડિયો પુસ્તકો) મોબાઇલ પરના એપ દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહી છે. કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયાના મુંબઈ કેન્દ્રે સ્ટોરીટેલ ઇન્ડિયાના સહકારથી આ કાર્યક્રમ હાથમાં લીધો છે.

પહેલા તબક્કામાં 'જ્ઞાતમાંથી મુક્તિ' (F reedom from the known) અને 'આ વાતો ઉપર વિચાર કરો' (Think on these Things) આ બે મરાઠી પુસ્તકોની ધ્વનિમુદ્રિત આવૃત્તિ પ્રકાશિત થઈ છે. આગળના તબક્કામાં હિન્દીમાં અને પછી અન્ય પ્રાદેશિક ભાષાઓમાં આવા ઑડિયો પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આજની સંઘર્ષભરી ગૂંચવણભરી પરિસ્થિતિમાં જીવનનો અર્થ શોધનારી તરુણ પેઢીનાં મનને સ્પર્શતું આ જીવનભાષ્ય હવે આધુનિક માધ્યમમાં મરાઠી શ્રોતા સુધી પહોંચે છે.

આ નિમિત્તે ૮ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ લોઅર પરેલ સ્થિત 'દ ઇંટીગ્રલ સ્પેસ'માં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષ્ણમૂર્તિના Conditioning-Prisoners of the Past (સંસ્કારબદ્ધતા - ભૂતકાળની કેદી) વિષય પર ભાષણનો સંક્ષિપ્ત વિડિયો બતાવવામાં આવ્યો. શ્રી અજિત કેળકર - જેમના અવાજમાં 'આ વાતોનો વિચાર કરો' પુસ્તકનું ધ્વનિ મુદ્રણ થયું છે - તેમણે મરાઠી પુસ્તકમાંના કેટલાંક ઉતારાઓનું વાચન કર્યું. તે પછી મૂળ અંગ્રેજી પુસ્તકના એ જ ઉતારાઓનું વાંચન શ્રી વત્સલ ડોક્ટરે કર્યું.

તે પછી રાજઘાટ બેઝંટ સ્કૂલમાંના ભૂતપૂર્વ શિક્ષક શ્રી કિરણ ખલપ સાથે સ્ટોરીટેલના શ્રીમતી સુરોમિતા રોયે વાતચીત કરી. કૃષ્ણમૂર્તિની વિચારધારાથી પ્રેરિત થવાથી તરત જ તેઓએ વારાણસીની વાટ પકડી અને પછીના ચાર વર્ષ ત્યાંની કૃષ્ણમૂર્તિ શાળાના વિદ્યાર્થીઓને વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન પૂરું પાડ્યું. આ શાળામાં શિખવતા હતા ત્યારે નવી નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા તેમને કેવી રીતે મળી, એકાદા વિષયનો અભ્યાસ કરતાં કરતાં તેમાંના વિષયવસ્તુના વિવિધ પહેલુઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી તે ઉપર પ્રશ્ન ઊભાં કરી વિદ્યાર્થીઓને શીખવવામાં કેવો આનંદ આવે છે, અને તેમાં જ કેવું સાચું શિક્ષણ હોય છે વગેરે વિશેના કિસ્સાઓ, પોતાની યાદોની વાતો તેમણે કરી.

શ્રોતાઓને પણ કેટલાંક પ્રશ્નો તેમણે કર્યા. કૃષ્ણમૂર્તિ શાળાઓમાંથી બહાર આવતાં બાળકોને બહારની દુનિયા સાથે સુમેળ સાધવો શક્ય છે કે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી કિરણે કેટલાંક મહત્ત્વના મુદ્દા માંડયા. કૃષ્ણમૂર્તિ શાળાઓમાં બીક, તુલના, સ્પર્ધા વગેરેનો અભાવ હોય તેવા વાતાવરણમાં વિદ્યાર્થીઓની એકમેક સાથે અને શિક્ષકો સાથે મૈત્રીનો, નજીકનો સંબંધ હોય છે. બાળકોને પોતાની નૈસર્ગિક રસની ખબર હોય છે, નિરીક્ષણ, શ્રવણ જેવી ક્ષમતાઓનું ખેડાણ થયું હોવાથી પોતાની સમક્ષ આવેલી પરિસ્થિતિનું સંવેદનશીલતાથી સામનો કરવાની આવડત હોય છે. જીવનને સમગ્રતાથી જોવાની પોતાને શાળા જીવનમાંથી મળેલી ક્ષમતાની જાણ આયુષ્યના પાછલા તબક્કે થાય છે તેવું શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જણાવતાં જ હોય છે એવું શ્રી કિરણે ઉમેર્યું.

કૃષ્ણમૂર્તિના ઉપદેશથી પોતાના જીવન પર આવેલો બદલાવ વિશે બોલતા તેમણે કહ્યું કે જીવનનો અર્થ શોધતાં કૃષ્ણમૂર્તિની વિચારધારાઓમાંથી તેમના આંતરિક વિચારોમાં અતિ સ્પષ્ટતા આવી અને એ સ્પષ્ટતા આવ્યા પછી આપણને અન્ય કોઈ બાહ્ય તત્વપ્રણાલીની જરૂરત નથી રહેતી. તેમણે આગળ કહ્યું કે કૃષ્ણમૂર્તિ કોઈ પણ પદ્ધતિ, કોઈ પણ નિયમ આપતાં નથી, પણ પોતાને મૂળથી સમજવા'નું સ્વયંસિધ્ધ તત્વ, મનુષ્ય પરની શુદ્ધ પ્રેમભાવના, આપણી સમક્ષ મૂકી આપે છે. આ સ્પષ્ટતા આવવાથી આપણા વ્યવસાયમાં દેખાતી કેટલીક મહત્વની વાતો ઉપર તેઓ બોલ્યા. સહકાર્યકર્તા સાથેનો માનવીય સંબંધ, વ્યવસાયિક પ્રસ્તાવો ઉપર સંપૂર્ણતાથી એક સાથે વિચાર મંથન કરવાની અને મોકળાશથી પ્રશ્ન ઊભા કરવાની દષ્ટિ, નિયંત્રણ મૂકવાની, વર્ચસ્વની દષ્ટિ ન હોવાથી સહકાર્યકર્તાઓમાં પણ જાતે આવેલી નૈતિકતા, પ્રામાણિકપણું એવા અનેક પહેલુઓ વિશે તેમણે વાત કરી. મુખ્ય વાત તે એ કે જીવનમાં માનસિક સુરક્ષિતતાની માગણી ન લાગવાથી ડર, સ્પર્ધા જેવી ભાવનાઓ નથી રહેતી, પશુપક્ષીઓના સંરક્ષણની, રમતવીરોને વિવિધપ્રકારની સહાય કરવાની જેવા અનેક ક્ષેત્રોમાં આપણને સંવેદનશીલતાથી કામ કરવા મળે છે, એમ તેમણે કહ્યું.

કાર્યક્રમ પૂરો થયા પછી પણ ઉપસ્થિત લોકોએ ઑડિયો પુસ્તકો વિશે પૂછપરછ કરી તેમ જ અનેક લોકોએ શ્રી કિરણ ખલપ સાથે ચર્ચા વિચારણા કરી.

આ ઑડિયો પુસ્તકો સ્ટોરીટેલની વેબસાઈટ https://www.storytel.com/in/en/ પર મળી શકશે. ત્યાં આ પુસ્તકોના ધ્વનિમુદ્રણના નમૂનાઓ સાંભળવાની સુવિધા પણ આપવામાં આવી છે.

# કૃષ્ણમૂર્તિની શાળાઓ ઉપર દસ્તાવેજી ચિત્રપટ

ઑક્ટોબર ૨૭, ૨૦૧૮ઃ ‘દ ઇંટિગ્રલ સ્પેસ’ કેન્દ્રમાં કૃષ્ણમૂર્તિ શાળાઓ પરનું રાજીવ મલ્હોત્રાએ નિર્દેશિત કરેલ દસ્તાવેજી ચિત્રપટ ‘દ અવેકનિંગ ઑફ ઇન્ટેલિજન્સ’ બતાવવામાં આવ્યું. ચિત્રપટ પછી થયેલ ચર્ચામાં અનેક શ્રોતાઓએ આ શાળાઓમાંની શિક્ષણ પદ્ધતિ વિશે પ્રશ્નો પૂછયાં. ઋષિવેલીમાંનાં શ્રીમતિ રાધિકા અને શ્રી હાન્સ હર્ઝબર્ગરે શ્રોતાઓ સાથે વાતચીત કરી.

પ્રવર્તમાન શોષણ જેવી અનેક મહત્વની બાબતો ઉપર કાર્ય કરી રહેલ વ્યક્તિઓ સાથે આ શાળાઓમાં સંવાદો યોજાય છે. તેમ જ વિવિધ કળા - સાહિત્ય ક્ષેત્રમાંનાં નિપુણ, મુખ્યત્વે પ્રાચીન કળામાં સઘન સંશોધન કરનાર મર્મજ્ઞ, ચિંતનશીલ વ્યક્તિ કેટલોક સમય જે તે શાળામાં રહી, વિદ્યાર્થીઓને પોતાના કાર્યક્ષેત્રની ઊંડી માહિતી આપે છે, તેમની સંશોધન વૃત્તિને જગાડે છે. અહીંના વિદ્યાર્થીઓને અલગ દૃષ્ટિથી જીવન તરફ જોવા, અલગ કાર્યક્ષેત્રની પસંદગી કરવામાં આ બધું મદદરૂપ બને છે. સૃષ્ટિમાંનું સૌંદર્ય, જૈવ વિવિધતા, આપણાં નિકટવર્તીઓ સાથે આપણો નાતો, તેમ જ જગત અને વૈશ્વિક નીતિ નિયમો એવી અનેક બાબતો વિશે સંવેદનશીલતા નિર્માણ થવા માટે પૂરક વાતાવરણ મળી રહે છે.

સ્પર્ધા અને તુલના નથી તેવી આ શાળાઓમાંથી ભણીને બહાર આવેલા વિદ્યાર્થીઓનો બહારના સ્પર્ધામય જગત સાથે કેવી રીતે સૂમેળ સધાય છે આ પ્રશ્ન ઉપર ઘણી જ ચર્ચા થઈ. શ્રીમતિ રાધિકાએ



પોતાના અનેક અનુભવોમાંથી આવી શાળાઓ સામે આજના કાળમાં ઊભા થતાં વિવિધ પડકારો વિશે ચર્ચા કરી. ફક્ત આજીવિકા માટે કૌશલ્ય મેળવવાની દૃષ્ટિથી શિક્ષણ તરફ જોવાને બદલે તેમાંથી જીવન સમગ્રની ભાવના કેવી રીતે મેળવી શકાય એ જાણવા માટે અનેક લોકો ઉત્સુક છે તે આ ચર્ચાવિચારણામાં દેખાઈ આવ્યું.

કૃષ્ણમૂર્તિની જીવનદષ્ટિને જાણી લેવાની ઉત્કટ ઇચ્છા, તેમની શાળાઓમાં તેને અનુષંગીને ચાલી રહેલા પ્રયોગો માટેનું કુતુહલ, અનેક આધુનિક યંત્રોથી છવાયેલ આજના જગતમાં બાળકોના શિક્ષણ માટે આવો વિકલ્પ યોગ્ય હોઈ શકે કે એવો મનમાં ઊઠેલો પ્રશ્ન, આવેલ શ્રોતાગણનો આવો દેખાવ થઈ ગયો હતો.

# બદલતા સમયમાં શિક્ષણ




૧૦-૧૧ સપ્ટેમ્બર ૨૦૧૮ઃ બોમ્બે કેમ્બ્રિજ ગુરુકુળની શિક્ષણ અંગેની આવશ્યકતાઓ વિષય પરના શ્રેણીબદ્ધ કાર્યક્રમો રાખવાની પહેલમાં મુંબઈ કેન્દ્ર સહકાર આપી રહ્યું છે. એમાંની એક સ્કૂલ - ડો. રાધાકૃષ્ણન સ્કૂલ, મલાડ દ્વારા પરિવર્તનના સમયમાં શિક્ષણ વિષય પર શાળાના આગેવાનો સાથે સંમેલનનું આયોજન કરાયું હતું. આલોક માથુર - ટ્રસ્ટી કે.એફ.આઇ. અને ઋષિ વેલી સ્કૂલના વરિષ્ઠ શિક્ષક - પરિષદમાં બોલ્યા હતા. તેમનો વિષય હતો Beyond the Divided Self : Educating for Today and Tomorrow વિભાજીત સ્વની પેલે પારઃ આજ અને આવતીકાલ માટે ભણાવવું. તેઓ કૃષ્ણમૂર્તિના શિક્ષણ અંગેના દિવ્યદર્શન વિષે બોલ્યા અને આ શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓના સંબંધો ઘણા જ અનૌપચારિક અને ભયમુક્ત કેવી રીતે છે તેની ચર્ચા કરી. બાળકોની કુદરતી પ્રતિભાઓ હરીફાઈ અને સરખામણી વિના ખીલી ઊઠે છે. સતત ક્રિયાપ્રતિક્રિયા પ્રશ્ન પૂછવાના દ્રષ્ટીકોણને ઉત્તેજન આપે છે, કે જે મુક્ત વાતાવરણમાં પણ જવાબદારીની ઊંચી ભાવના વિકસાવવામાં મદદ કરે છે. બાળકોમાં સંવેદનશીલતા વિકસાવવાના હેતુથી ઘણાં ક્ષેત્રોમાં પહેલ કરવામાં આવી છે - પર્યાવરણ, સામાજિક અન્યાય, પાડોશના ગામોના નિવાસીઓને અસર કરતા મુદ્દાઓ.

તેમણે વાત્સલ્યભર્યા વર્ગખંડોઃ સામાજિક-લાગણીશીલ શીખવું વિષયની પેનલ ચર્ચામાં પણ ભાગ લીધો હતો. જુદી જુદી શાખાઓમાં સંશોધન કરતી વ્યક્તિઓએ સંમેલનમાં ફાળો આપ્યો અને શિક્ષણમાં નવા અભિગમો તેમ જ ઉદાહરણોની ચર્ચા કરી.

ત્યાં હાજર રહેલા ઘણા લોકોને કે. સ્કૂલ્સના શિક્ષણ પ્રત્યેના અભિગમમાં રસ હતો અને તેઓએ આલોક માથુર સાથે વાતચીત કરી હતી. તેઓએ તે બાબતે ઉત્કટ રસ બતાવ્યો કે તેઓને આગળની ક્રિયાપ્રતિક્રિયા માટે શિક્ષણ સંસ્થાઓમાથી નિમંત્રણ મળે.

## પુસ્તક પ્રદર્શન

૩૦ સપ્ટેમ્બર-૭મી ઓક્ટોબર ૨૦૧૮ઃ મુંબઈ કેન્દ્રએ પુસ્તક પ્રદર્શન, સિલવાસા, ગુજરાતમાં ભાગ લીધો હતો. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ઘણા બધા વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ આપણા સ્ટોલની મુલાકાત લીધી. ત્યાં તેઓની સાથે કૃષ્ણમૂર્તિ સ્કૂલ્સમાં શિક્ષણ પ્રત્યેના અભિગમ અને શિક્ષણ સંબંધી મુદ્દાઓ ઉપર સરસ વાતચીત થઈ.

૨૪-૩૦ નવેમ્બર ૨૦૧૮ઃ મુંબઈ કેન્દ્રએ પુસ્તક મેળો, અમદાવાદ, ગુજરાતમાં ભાગ લીધો હતો. વિવિધ ક્ષેત્રોના યુવાનોથી લઈને વયસ્કોએ આપણા સ્ટોલની મુલાકાત લીધી. ત્યાં તેઓની સાથે કૃષ્ણમૂર્તિના બોધ વિષે, કૃષ્ણમૂર્તિના શિક્ષણ અંગેના દિવ્યદર્શન વિષે અને જીવન સંબંધી મુદ્દાઓ ઉપર સરસ વાતચીત થઈ.

# વિદ્યાર્થિઓ સાથે સંવાદ સત્રો



૧૭મી જુલાઈ ૨૦૧૮: ફાધર લાન્સ પ્રભુ, ડાયરેક્ટર, ધ રિટ્રીટ હાઉસ, બાંદ્રાએ વિલ્સન કોલેજ, મુંબઈ ખાતે તત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ સાથે વાતો કરી. વિષય હતો, તમારા જીવન સાથે તમે શું કરો છો? આ બેઠકને સારો આવકાર મળ્યો અને અમે તેમના માટે બીજી બેઠકો ગોઠવીશું.

૧૦મી ઓક્ટોબર અને ૨૧ ડિસેંબર ૨૦૧૮: વિલ્સન કોલેજના તત્વજ્ઞાનના વિદ્યાર્થીઓએ સાથે એક નવી પહેલ શરૂ કરવામાં આવી, પુસ્તક વાચન અને પછી તેના વિષે ચર્ચા. તેના પ્રસ્તુતકર્તા વિનય દાભોલકર હતા.

કૃષ્ણમૂર્તિના વિદ્યાર્થીઓ સાથેના સંવાદોમાંથી કરાયેલા વાચન ઉપર વિદ્યાર્થીઓ સાથે અરસપરસ આદાનપ્રદાન યોજવામાં આવ્યું હતું. શ્રી વિનય દાભોલકરે 'Think On These Things' પુસ્તકમાંથી 'આપણે શા માટે પ્રખ્યાત બનવું છે?' અને 'પ્રગતિ શબ્દનું મહત્ત્વ શું છે?' તે પ્રશ્નોત્તર હાથ પર લીધા. વિનયે સંવાદની શરૂઆત કૃષ્ણમૂર્તિ અને તેઓના બોધ વિષે ટૂંકો પરિચય આપીને કરી. તેમણે એ તરફ ધ્યાન દોર્યું કે કેવી રીતે કૃષ્ણમૂર્તિ આપણને કંઈ પણ બિનશરતી સ્વીકારવાની ના પાડે છે અને કોઈ પણ અગત્યની બાબત વિષે પ્રશ્નો કરવા પ્રેરે છે.

ત્યાર બાદ વિનયે એક પ્રશ્ન રજૂ કર્યો કે પ્રૌદ્યોગિક પ્રગતિ સિવાય અન્ય કોઈ પ્રગતિ છે ખરી, અને તે સમજાવ્યું કે પ્રૌદ્યોગિક પ્રગતિમાં સમય સામેલ છે, પરંતુ માનસિક ક્ષેત્રમાં પ્રગતિની કલ્પના એક ભ્રમ છે. આપણે ભૂતકાળ અને ભવિષ્યનો અનુભવ માત્ર સ્મૃતિ દ્વારા જ કરીએ છીએ.

તેમણે એ હકીકત ઉપર લંબાણપૂર્વક વાત કરી કે જો આપણી પાસે કોઈ બાબત વિષે દૃઢ માન્યતા હોય તો ત્યાં કોઈ પ્રયોગાત્મકતા નથી, ત્યાં સત્ય પામવા માટેની કોઈ શોધખોળ નથી. પરંતુ જ્યારે માણસ માન્યતાના મિથ્યાત્વને જુએ છે, ત્યારે તત્ક્ષણ પરિવર્તન થાય છે. જો ત્યાં સ્પષ્ટતા હોય, તો તે એવા કાર્ય તરફ દોરી જાય છે જે આપણા ઊંડા અનુબંધનમાંથી ઉદ્ભવતા કાર્ય કરતાં ઘણું વિશિષ્ટ છે.

વિનયે વિદ્યાર્થીઓને આગ્રહ કર્યો કે માત્ર પ્રશ્નોનો અંત આણવા ખાતર ત્વરિત જવાબો ન શોધો, પરંતુ તેના કરતાં પ્રશ્નોને સંચાલિત થવા દો, જે આપણા અનુબંધનને ઉકેલવામાં મદદ કરશે.

એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો કે જ્યારે એક વિદ્યાર્થી પોતાનું શિક્ષણ પૂરું કરે અને જવાબદાર વયસ્ક જીવનની કગાર ઉપર હોય, ત્યારે દરેક વસ્તુ વિષે પ્રશ્નો કરવા કે શંકા કરવી તે હાનિકારક બની શકે. વિનયે એવું કહીને પ્રતિભાવ આપ્યો કે પોતાને માટે શું મહત્ત્વનું છે તે જોવાની ક્ષમતા હોવી એ આવશ્યક છે. જો અમુક ખાસ કારકિર્દી પસંદ કરવા પાછળના ઉદ્દેશમાં સ્પષ્ટતા હોય, તો આગળના જીવનમાં કોઈ સંઘર્ષ નહીં થાય. કિન્તુ જો મન અશાંત હશે, તો તેમાં પોતાના વિષે તેમ જ જીવન નિર્વાહનાં સાધનો વિષે કોઈ સ્પષ્ટતા નહીં હોય, અને તેને બદલે ભ્રમો હશે, કલ્પનાઓ હશે.

તેમણે સભાનું સમાપન એમ કહીને કર્યું કે જો સ્પષ્ટતા હોય, તો માન્યતાઓ માટેનો હઠાગ્રહ નથી, ત્યાં દરેક પળે શીખવું છે, સમજશક્તિ છે.

૧૩મી ઓક્ટોબર ૨૦૧૮: શ્રીમાન માનસ સિંઘ, સહયાદ્રિ સ્કૂલના એક વાલી અને કુમારી મૃણાલ જોશી, સાઠયે કોલેજ, તત્વજ્ઞાનના પ્રાધ્યાપકની પહેલથી સાઠયે કોલેજના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા ગોઠવાઈ હતી. શ્રીમતી વાસંતી પડતેએ કૃષ્ણમૂર્તિની જીવન પ્રત્યેની દૃષ્ટિનો પરિચય આપીને બેઠક શરૂ કરી. તેમણે તત્વજ્ઞાનની જુદી જુદી પદ્ધતિઓ ભણી રહેલા વિદ્યાર્થીઓ સમક્ષ કૃષ્ણમૂર્તિના મૌલિક બોધના મૂળ – જે કોઈ ઢાંચામાં બંધબેસતો નથી – અંગેની ગૂંચવણો ઉકેલી. વિદ્યાર્થીઓએ ઘણા સવાલો ઉઠાવ્યા. 'સ્વ'નું કેવી રીતે નિર્માણ થાય છે અને આપણી ક્રિયામાં છુપાયેલા ઉદ્દેશો સ્વને કેવી રીતે મજબૂત કરે છે, તેની લંબાણથી ચર્ચા થઈ. દરેકને લાગ્યું કે આપણે આવી બેઠકો આગળ પણ ચાલુ રાખવી જોઈએ.

## આધિપત્યને આધીન થવુ એ પ્રજ્ઞાનો ઈન્કાર છે

**મા**નવજીવનમાં સત્તાનો સ્વીકાર એ ભયનું એક પરિણામ છે. સાચા થવાની, સલામત રહેવાની, સુખસગવડ મેળવવાની કે દૈનિક જાગ્રત જીવનમાં કોઈ પણ ઘર્ષણ કે ખળભળાટ ન રહે એની વૃત્તિમાંથી સત્તા પેદા થાય છે. જોકે ભય, કહેવાતા ડાહ્યા, વિદ્વાન માણસો પ્રત્યે માનુબુદ્ધિનું અને આધીનતાનું રુપ ધારણ કરે, છતા ભયમાંથી જન્મેલી કોઈ પણ વૃત્તિ આપણા પ્રશ્નોને સમજવામાં મદદ કરી શકે નહીં. ડાહ્યા માનવીઓ કોઈ સત્તા ધરાવતા નથી; અને જેઓ સત્તાધારી છે એ ડાહ્યા નથી. ભય ગમે એ પ્રકારનો હોય પણ એ આપણા વિષેની અને સઘળી વસ્તુઓ પ્રત્યેના આપણા સંબંધની સમજને અટકાવે છે.

કોઈ પણ આધિપત્યનું અનુસરણ કરવું એ પ્રજ્ઞાનો ઈન્કાર છે. પ્રમાણનો સ્વીકાર કરવો એ અન્યના અધિકારને, કોઈ વ્યક્તિ, મંડળ કે આદર્શને – પછી એ ધાર્મિક કે રાજકીય હોય – તાબે થવા જેવું; અને અન્યના પ્રમાણને આધીન થવુ એ પ્રજ્ઞાનો જ નહિ પણ વ્યક્તિગત સ્વાતંત્ર્યનો ઈન્કાર છે. કોઈ પણ સંપ્રદાય કે વિચારશ્રેણીને અનુસરવું એ સ્વરક્ષણ કરતી પ્રતિક્રિયા છે. અન્યના પ્રમાણનો સ્વીકાર કર્યાથી અલ્પકાળને માટે આપણી મુસીબતો અને આપણા પ્રશ્નો ઢંકાઈ રહે પણ ઘર્ષણથી દૂર રહેવું એ પ્રશ્નને પ્રબળ કરવાનો જ વિધિ છે; અને એ વિધિમાં સ્વજ્ઞાન અને સ્વાતંત્ર્યને તિલાંજલિ અપાય છે.

શાંતી મેળવવા માટે માણસે શાંતિમય સાધનો વાપરવાં જોઈએ; કારણ કે જો સાધનો જ હિંસક હશે તો અંત શાંતિમય કેવી રીતે આવી શકવાનો છે? સ્વતંત્રતા (મુક્તિ) જો લક્ષ્ય હોય તો શરુવાત પણ સ્વતંત્ર જ હોવી જોઈએ, કારણ કે શરુઆત અને અંત એક જ છે. જો શરુઆતમાં સ્વતંત્રતા હોય તો જ સ્વજ્ઞાન અને પ્રજ્ઞા આવી શકે છે, પ્રમાણનો સ્વીકાર કરવાથી સ્વતંત્રતાનો ઈન્કાર થાય છે.


*શિક્ષણ જીવન રહસ્ય*

## पुस्तक परिचय

### A Door Open for Anyone

Krishnamurti On Study Centres

(એક દ્વાર જે દરેક માટે ખુલ્લું છે -
અભ્યાસ કેન્દ્રો વિષે કૃષ્ણમૂર્તિ)




કૃષ્ણમૂર્તિએ ભારતમાં ૧૯૩૦ ના દસકાની શરૂઆતમાં શાળાઓ શરૂ કરી, પરંતુ પોતાના જીવનના છેલ્લા દસકા દરમ્યાન તેઓ વયસ્કો માટે કશુંક વિશિષ્ટ કરવા તરફ વળ્યા, તેઓએ પોતાના નજીકના મિત્રોને કૃષ્ણમૂર્તિને લાંબા સમયથી સાંભળતા હોય એવા લોકો માટે અભ્યાસ કેન્દ્રો ખોલવાની આવશ્યકતા વિષે કહ્યું. તેઓએ મિત્રો સાથે આવાં સ્થળો માટે એક એવું યોગ્ય નામ શોધવાના પ્રશ્નની ચર્ચા કરી કે જે તેઓના ઉદ્દેશની પાછળનો ભાવ સ્પષ્ટતાથી વ્યક્ત કરે. તેઓએ ઘણાં નામો વિચાર્યાં: વયસ્ક કેન્દ્ર, આશ્રમ, આધુનિક આશ્રમ, શીખવાનું સ્થળ વગેરે. પરંતુ કૃષ્ણમૂર્તિએ એક વસ્તુનો આગ્રહ રાખ્યો - તેઓના બોધનો અભ્યાસ ન તો શૈક્ષણિક સંસ્થામાં કરવામાં આવતી એવી કોઈ બૌદ્ધિક કસરત છે, કે ન તો ધાર્મિક સંગઠનમાં કરવામાં આવતું એવું કોઈ બ્રહ્મવિદ્યા સંબંધી અનુગમન છે.

કૃષ્ણમૂર્તિનું અભ્યાસ કેન્દ્રનું દિવ્યદર્શન, તેના સૌંદર્ય તેમ જ અંતરિક સ્વરૂપ અંગેની નિસબત, યજમાનો તેમ જ મહેમાનોની જવાબદારી, સંવાદોની ગુણવત્તા, ધાર્મિક મનની પ્રકૃતિ, આ સઘળું અને બીજું ઘણું બધું આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. આ પુસ્તક બે ભાગમાં છે. ભાગ ૧ કૃષ્ણમૂર્તિની ચર્ચાઓમાંથી લેવાયેલાં અવતરણો તેમ જ તેઓએ પોતાના સહકાર્યકરોને આપેલાં શ્રુતલેખનો ધરાવે છે, અને તે ૧૯૭૭ થી ૧૯૮૫ ના સમયગાળાને આવરી લે છે. ભાગ ૨ માં તેઓએ પ્રશ્નોના આપેલા જવાબો એકત્ર કરેલા છે, જે પ્રશ્નો તેઓને ૧૯૪૦ ના દસકાની આખરથી લઈને ૧૯૮૬ સુધી પૂછવામાં આવ્યા હતા, અને જે બોધના અભ્યાસ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંબંધિત બાબતો વિષેના છે.

ડેમી, પાનાં ૧૨૦, ભારતમાં અને વિદેશમાં આવેલાં કૃષ્ણમૂર્તિ અભ્યાસ કેન્દ્રો અને શિબિરોની ૧૪ રંગીન તસવીરો સાથે, મૂલ્ય રૂ. ૨૫૦.

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા, વસંત વિહાર,** ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
Email : vvstudy@kfionline.org • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
9 - 10 February 2019 Tamil Gathering : 'The Challenge of Change'
23 - 24 March 2019 Understanding Human Relationship

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરૂ :** ધી સ્ટડી વેલી સ્કૂલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરૂ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩ • Email : kifistudy@gmail.com • Website : www.kfistudy.org
૧૭-૨૦ જાન્યુઆરી ૨૦૧૯ Exploring Anxiety, Stress & Inner Conflict ૦૭-૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯ Silence, Stillness, & Meditation
૨૮-૩૧ માર્ચ ૨૦૧૯ Karnataka JK Adhayana Shibira: Understanding Fear
Workshops on : Nurturing Creativity in Education

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Edition 3** | February 2 -4, 2019 | **Edition 4** | March 16 - 18, 2019 | **Edition 5** | June 15 - 17, 2019 |
| **Edition 6** | July 20 - 22, 2019 | **Edition 7** | August 17 - 19, 2019 | **Edition 8** | September 14 - 16, 2019 |
| **Edition 9** | October 12 - 14, 2019 | **Edition 10** | November 16 - 18, 2019 | **Edition 11** | December 14 - 16, 2019 |

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩ • Email : studycentre@rajghatbesantschool.org • Website : www.rajghatbesantschool.org
૦૧-૦૪ એપ્રિલ ૨૦૧૮ સજગતા और हमारा दैनिक जीवन

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઈ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com
24 - 28 February 2019 What is holistic living?

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર :** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

# મુક્તિ પાસે કોઈ અધિકાર નથી

**મુ**ક્તિ પોતાની સાથે સર્જનાત્મકતા લાવે છે. આને સંઘર્ષમાંથી આવતા સર્જન સાથે કોઈ લેવાદેવા નથી. જો મન અનુબંધિત હોય તો ત્યાં મુક્તિ નથી. અનુબંધન એ સામાજિક, આર્થિક અથવા ધાર્મિક સંસ્કૃતિનું પરિણામ છે. જ્યારે મન અનુબંધિત હોય, ત્યારે તે બહુ મર્યાદિત વિશેષ ક્ષેત્રમાં કાર્ય કરે છે. આવું કાર્ય, એ મોટું પ્રૌદ્યોગિક કાર્ય હોય અથવા અનુબંધનના ક્ષેત્રમાં થતી ગતિવિધિ હોય, તે સામાન્ય રીતે સર્જનાત્મકતા કહેવાય છે. આ અનુબંધનની ગતિવિધિ પોતાની એક ઊર્જા ઉત્પન્ન કરે છે, અને આ ઊર્જા સાહિત્ય, વિજ્ઞાન, સંગીત, અને જુદા જુદા માનવશાસ્ત્રમાં વ્યક્ત થાય છે.

પણ આ બધું અનુબંધનના ક્ષેત્રમાં છે, ભલે એ સંકુચિત હોય કે વિશાળ હોય. આ પ્રક્રિયા એક માર્ગ બનાવે છે, જે સ્વીકારાય છે અને અનુસરાય છે, પરંતુ હજી પણ આ અનુબંધનની મર્યાદામાં જ છે. માણસ સીમાઓની અંદર મુક્તિ શોધે છે અને તે મુક્તિના પ્રયોગને ઈચ્છાશક્તિની અથવા પસંદગીની સ્વતંત્રતા કહેવાય છે, પણ તે હજુ અનુબંધન દ્વારા નિર્દેશિત અથવા ઘડાયેલી છે. તે જેલની અંદર રહેલો માણસ દીવાલોની અંદર મુક્તિ શોધતો હોય એના જેવું છે, તે દીવાલો ભલે સાંકડી હોય કે વિશાળ. પરંતુ આ મુક્તિ નથી.

મુક્તિ એ સંપૂર્ણપણે કંઈક જુદી જ વસ્તુ છે. તે અનુબંધન વિષેની શાબ્દિક અને અશાબ્દિક સમજણ છે, કે જેથી મન તેને અતિક્રમી જાય. આ મુક્તિ પુસ્તકોમાં નથી અથવા બીજા દ્વારા શોધી શકાતી નથી, અને તે એક આદર્શ નથી. તે અભ્યાસ અથવા તાલીમ દ્વારા વેચાતી લેવાતી નથી, કારણ કે અભ્યાસ અને તાલીમ એ મંજૂરી અને અધિકાર હોવાનું સૂચિત કરે છે. આ મુક્તિમાં ક્યાંય માર્ગદર્શન કે અધિકાર નથી. આ મુક્તિ બુદ્ધિશાળી છે અને જવાબદાર છે. તે પરિસ્થિતી અને ઘટનાઓ દ્વારા દોરવાતી નથી. આ મુક્તિ વિચારોએ પોતાની આસપાસ બનાવેલ જેલના માળખાનું ખંડન કરે છે. આ ખંડન જ મુક્તિની હકારાત્મક ક્રિયા છે. જ્યાં અવ્યવસ્થા હોય ત્યાં મુક્તિનું અસ્તિત્વ રહી શકતું નથી. બહારની અને અંદરની અવ્યવસ્થા અધિકારીની, સરમુખત્યારની, શાસકની આવશ્યકતા ઊભી કરે છે.

મુક્તિ પાસે કોઈ અધિકાર નથી. તેણે કદી અધિકારને જાણ્યો જ નથી. તે અધિકારની ઉપેક્ષા નથી, પણ તેનો અભાવ છે. અધિકાર અને નિયમ બંને, બાહ્ય તેમ જ આંતરિક, વિચારો દ્વારા ભેગા મૂકવામાં આવે છે. બાહ્ય અધિકાર ક્યારેક વિવેકયુક્ત હોય છે, ક્યારેક અતાર્કિક હોય છે, તેનું સ્થાન છે અને જવાબદારી છે; કોઈ તેને રદ ન કરી શકે, તથા મુક્તિની બુદ્ધિ તેની મર્યાદાને અને આવશ્યકતાને જાણે છે. આંતરિક અધિકાર કે જે સૂક્ષ્મ અને ઊંડો છે તે ખૂબ વધારે જટિલ છે. માર્ગદર્શિકા કે જે નિશ્ચિતતા અને ભરોસો આપતી હોય એમ લાગે છે, તે એક ઢાંચો, પ્રમાણ બને છે, જે અધિકાર બની જાય છે. આ અધિકાર પરંપરાગત, એક વ્યક્તિ, એક પ્રતીક, અથવા એક વિચાર હોઈ શકે. પોતાની અસ્વસ્થતા અને અવ્યવસ્થા પરત્વે જાણતાં કે અજાણતાં જાગૃત મન આંતર અને બાહ્ય અધિકાર સાધે છે. એક ગેરવ્યવસ્થાવાળું જૂથ તરત પોતાનો આગેવાન શોધી લે છે કે જે પછીથી તેમને દિશા આપે છે અને નિયંત્રણમાં રાખે છે. તેની સામેની પ્રતિક્રિયા એ સ્વતંત્રતા નથી. આ ગેરવ્યવસ્થા અને અસ્વસ્થતાના મૂળ સ્વરૂપની સમજણ અને તેમનાથી પણ આગળ જવું તે મુક્તિ છે.

અધિકારનો સ્વીકાર અસ્વસ્થતા અને ગેરવ્યવસ્થાને કારણે થાય છે. તેનું પરિણામ છે અધિકાર; અને તેને અનુકૂળ થવું કે તેનો ઇનકાર કરવો એ તેની સામેની પ્રતિક્રિયા છે. આ ઇનકાર જ અધિકારનું એક બીજું સ્વરૂપ ધારણ કરે છે. જ્યાં સ્વતંત્રતા નથી ત્યાં અવશ્ય આધિપત્ય છે. તે દમન, નિયંત્રણ અથવા બચાવ લાવે છે અને તેની આ બધી ગતિવિધિ પરિણમે છે સિધ્ધાંતમાં અથવા માન્યતામાં, એક ધોરણમાં કે જે વર્ચસ્વ ગ્રહણ કરે છે. કારણ ક્યારેય શાશ્વત નથી; કારણ એ પરિણામ બને છે અને પરિણામ એ એના પછીના પરિણામનું કારણ બને છે. જ્યારે આ સ્પષ્ટ રીતે સમજાઈ જાય, બુધ્ધિથી નહીં પણ વાસ્તવમાં, ત્યારે આ સાંકળનું ખંડન થાય, તે મુક્તિ છે. જ્ઞાનને પોતાનો અધિકાર છે – અનુભવ અને સ્મૃતિ. પણ જ્યાં સુધી માણસ તે ક્ષેત્રની અંદર રહે છે, ત્યાં સુધી મુક્તિ માટેની સર્જનાત્મક ગતિનું અસ્તિત્વ નથી. મુક્તિ એ અવકાશ છે અને અવકાશ વ્યવસ્થા છે.

*Letters to Schools -*
*The Whole Movement of Life is Learning,* Chpt. 68

# આધિપત્ય શીખવાની ક્રિયાને અટકાવે છે

**આ**પણે મોટાભાગે ભણતરમાંથી, પુસ્તકોમાંથી, અનુભવમાંથી, અથવા તો કોઈની સૂચના દ્વારા શીખીએ છીએ. આ બધા શીખવા માટેના સામાન્ય રસ્તાઓ છે. આપણે શું કરાય અને શું ન કરાય, શું વિચારાય અને શું ન વિચારાય, કેવી રીતે અનુભવવું અને કેવી રીતે એની પ્રતિક્રિયા આપવી – આ બધું આપણે સ્મૃતિને હવાલે કરીએ છીએ. અનુભવ દ્વારા,અભ્યાસ દ્વારા, મનોવિશ્લેષણ દ્વારા, ચકાસણી દ્વારા, આંતરિક કસોટી દ્વારા, આપણે જ્ઞાનનો સ્મૃતિ સ્વરૂપે સંચય કરીએ છીએ; અને પછી આ સ્મૃતિ આગળના પડકારો અને માગણીઓ સામે પ્રતિક્રિયા આપે છે, જેમાંથી વધુ ને વધુ શીખવા મળે છે. જે કંઈ શીખવામાં આવે છે તે જ્ઞાન (knowledge) તરીકે સ્મૃતિને હવાલે કરવામાં આવે છે, અને તે જ્ઞાન કાર્ય ત્યારે કરે છે કે જ્યારે સામે પડકાર આવે અથવા જ્યારે આપણે કંઈક કરવાનું હોય. હવે હું વિચારું છું કે શીખવા માટેનો એક તદ્દન જુદો રસ્તો છે, હું તેના વિષે થોડી વાત કરીશ, પણ તે સમજવા માટે અને તે જુદા રસ્તે શીખવા માટે, તમારે પોતાની ઉપર કોઈના પણ અધિકારથી સંપૂર્ણપણે મુક્ત થવું પડશે; નહીંતર તમને કેવળ સૂચનાઓ આપવામાં આવશે અને તમે જે કંઈ સાંભળ્યું હોય તેનું માત્ર પુનરાવર્તન કર્યા કરશો. એટલા માટે અધિકારનું મૂળ સ્વરૂપ સમજવું ઘણું જ અગત્યનું છે. અધિકાર શીખવાની ક્રિયાને અટકાવે છે –શીખવું એટલે સ્મૃતિમાં જ્ઞાનને સંગ્રહિત કરવું એમ નહીં. સ્મૃતિ હંમેશાં માળખા મુજબની પ્રતિક્રિયા આપે છે; તેમાં ક્યાંય મુક્તિ નથી. જે માણસ જ્ઞાનના, સૂચનાઓના ભારથી લદાયેલો છે,પોતે જે બધું શીખ્યો છે તેના વજન નીચે દબાયેલો છે, એ કોઈ દિવસ મુક્ત નથી હોતો. તે કદાચ અસાધારણ વિદ્વાન હોઈ શકે પણ તેનો જ્ઞાનસંચય તેને મુક્તિથી વંચિત રાખે છે, અને તેથી તે શીખવા માટે સક્ષમ નથી.

*જીવનનું પુસ્તક –*
*કૃષ્ણમૂર્તિના સાથે રોજરોજ ધ્યાન, જાન્યુઆરી ૧૪*

## જ્ઞાન પ્રાપ્તીમાં અધિકાર રહેલો જ હોયે છે

**જ્યાં** જ્ઞાનનું સંપાદન હોય ત્યાં શીખવાની કોઈ ગતિ હોતી નથી; બંને વિસંવાદી અને પરસ્પર વિરોધી છે. શીખવાની ગતિ એવી સ્થિતિ સૂચિત કરે છે કે જેમાં મનમાં કોઈ જૂનો અનુભવ જ્ઞાન તરીકે સંગ્રહાયેલો નથી. જ્ઞાન એ મેળવેલું છે, જ્યારે શીખવું એ સતત ગતિ છે, જેમાં ઉમેરણ કે સંગ્રહ કરવાની પ્રક્રિયા નથી. એટલે શીખવાની ગતિ એવી સ્થિતિ સૂચિત કરે છે કે જ્યાં મનની ઉપર કોઈનો બાહ્યાધિકાર નથી. સમગ્ર જ્ઞાન પોતે અધિકારને પાત્ર છે તેવું ધારી લે છે,અને એમન જેણે પોતાની ફરતે જ્ઞાનની કિલ્લેબંધી કરી છે, તે સંભવતઃ શીખી શકે નહીં. મન ત્યારે જ શીખી શકે કે જ્યારે જ્ઞાન-ઉમેરણની પ્રક્રિયા સંપૂર્ણપણે અટકી જાય.

વસ્તુતઃ આપણાંમાંનાં મોટાભાગનાં લોકો માટે શીખવું તથા જ્ઞાન મેળવવું એ બે વચ્ચેનો ભેદ પડવો મુશ્કેલ છે. અનુભવ, વાચન, શ્રવણ દ્વારા મન જ્ઞાન ભેગું કરે છે; તે સંગ્રહ કરવાની પ્રક્રિયા છે, જે પહેલેથી જ્ઞાત છે તેમાં ઉમેરણની પ્રક્રિયા છે,અને આ જ્ઞાનની પશ્ચાદભૂમીમાંથી આપણે કાર્ય કરીએ છીએ. હવે આપણે જેને સામાન્ય રીતે શીખવું કહીએ છીએ, તે નવી માહિતીઓ મેળવવાની અને જે આપણી પાસે છે તે જ્ઞાનના ભંડારમાં ઉમેરો કરવાની પ્રક્રિયા છે પણ હું આ બધા કરતાં કંઈક તદ્દન જુદી વાત કરું છું. 'શીખવું'નો મારો અર્થ 'તમે જે પહેલાથી જાણો છો તેમાં ઉમેરણ' નથી. તમે ત્યારે જ શીખી શકો કે જ્યારે જ્ઞાન તરીકેના ભૂતકાળ સાથે કોઈ સંબંધ ન હોય, એટલે કે જ્યારે તમે કંઈક નવું જુઓ ત્યારે તેનું અર્થઘટન જ્ઞાતના સંદર્ભમાં ન કરો.

મન કે જે શીખે છે તે નિર્દોષ મન છે, જ્યારે મન કે જે કેવળ જ્ઞાન ભેગું કરે છે તે જૂનું, જડ,અને ભૂતકાળથી ભ્રષ્ટ થયેલું મન છે. નિર્દોષ મનને સમજણનો બોધ તત્ક્ષણ થાય છે, તે જ્ઞાનનો સંચય કર્યા વિના પ્રતિપળ શીખતું રહે છે, અને આવું મન જ પરિપક્વ છે.

*જીવનનું પુસ્તક -*
*કૃષ્ણમૂર્તિના સાથે રોજરોજ ધ્યાન, સપ્ટેંબર ૨૧*

## નાશિકમાં ભરાયેલ પ્રદર્શન




'તરુણો માટે જે. કૃષ્ણમૂર્તિ' આ મથાળા હેઠળ નાશિકમાં ગયા વર્ષે પહેલી જ વખત ભરાયેલ દ્વિભાષિક (અંગ્રેજી-મરાઠી) પ્રદર્શનને નાશિકના લોકો તરફથી મળેલ ઉત્તમ પ્રતિસાદને કારણે નાશિકમાંનાં કૃષ્ણમૂર્તિ અભ્યાસક મંડળને ફરીથી કેટલીક નવી પેનલ્સ સાથે આ પ્રદર્શન ભરવા માટે પ્રોત્સાહિત કર્યા. આ પ્રદર્શન કુસુમાગ્રજ સ્મારક પરિસરમાં આવેલી આર્ટ ગેલરી, નાશિકમાં ૧૪ - ૧૬ ડિસેમ્બર ૨૦૧૮ના ભરવામાં આવ્યું. કૃષ્ણમૂર્તિના કાળજીપૂર્વક પસંદ કરાયેલ મૂળ સાહિત્ય અને તેને અનુરૂપ હોય તેવા ચિત્રો મળીને આ પ્રદર્શન બન્યું. ચૂંટાયેલ સાહિત્ય અને ચિત્રો એકમેકને પૂરક હોવાને કારણે આ પ્રદર્શનીનો આશય વધારે સ્પષ્ટતાથી ઊભરી આવ્યો છે એવો મત પ્રેક્ષકોએ આપ્યો.

વર્તમાન સમયની જટિલ આફતોને ઉકેલવા માટે જૂની પદ્ધતિઓ ઘણી અપુરતી છે આ વસ્તુસ્થિતિ વિષે કૃષ્ણમૂર્તિ તરુણોને સાવધ કરતા હોય છે. આ સંકટકાળ, તેના ઉકેલ માટે સાવ જ નવીન પદ્ધતિઓની માંગણી કરે છે, અને એ ફક્ત તાજગી ભર્યા, યુવાન અને સમજદાર એવા મનથી જ શક્ય છે. શારીરિક ઉંમરની મર્યાદા ન રાખતાં, બાળક જેવી ગુણવત્તા ધરાવતું મન ઘડી શકે એવું શું છે? આ અત્યંત ગંભીર પ્રશ્નની તપાસ કરનાર આ પ્રદર્શન છે.

આજની પેઢીને આવા પ્રદર્શનની ખરેખર જરૂરત છે એવું અનેક પ્રેક્ષકોએ શુભેચ્છા વ્યક્ત કરતાં કહ્યું. લગભગ ૩૦૦ થી વધારે પ્રેક્ષકોએ આ પ્રદર્શનની મૂલાકાત લીધી અને અત્યંત ઉત્સુકતાથી આ પ્રદર્શનને પ્રતિભાવ આપ્યો.

## મનની સુરક્ષાની ભાવનાનો નાશ કરવો જોઈએ

**મુ**ક્ત થવા માટે તમારે તમારા પર બીજા કોઈના આધિપત્યને તપાસવું પડે, એ ગંદી વસ્તુના ટેકડેટુકડા કરીને તેના સમગ્ર માળખાને તપાસવું પડે. અને તેમ કરવા માટે શારીરિક શક્તિની અને સાથોસાથ માનસિક શક્તિની પણ જરૂર પડે. પરંતુ જ્યારે આપણેપોતે જ વિરોધ અનુભવતા હોઈએ ત્યારે શક્તિ વેડકાય છે, નષ્ટ થાય છે. તેથી, જ્યારે વિરોધની સમગ્ર પ્રક્રિયાને સમજવામાં આવે ત્યારે જ વિરોધનો અંત આવે છે અને ત્યારે વિપુલ પ્રમાણમાં શક્તિ બચે છે. ત્યારે જ તમે આગળ વધી શકો, જેઓ કોઈ અર્થ નથી એવું સદીઓથી જે મકાન તમે બાંધ્યું છે તેને જમીનદોસ્ત કરવા માટે આગળ વધી શકો.

નાશ કરવો એ સર્જન કરવા બરાબર છે. તેથી આપણે નાશ કરવો જ જોઈએ, મકાનોનો નહીં, સામાજિક કે આર્થિક પદ્ધતિનો નહીં - એ તો રોજની વાત છે, પરંતુ માનસિકપણે એ અચેતન અને સચેતન મનની સુરક્ષાની ભાવનાનો નાશ કરવો જોઈએ, તમે તર્કસંગત, વ્યક્તિગત ઊંડે ઊંડે ભીતરમાં અને ઉપરછલ્લા સ્તરે જે સલામતી રચી છે તેનો નાશ કરવાની વાત છે. આપણે એ બધાનો નાશ કરીને બિલકુલ અસુરક્ષિત થવું જોઈએ, કારણ કે આપણામાં સ્નેહ રહે તે માટે આપણું અસુરક્ષિત હોવું જરૂરી છે. ત્યારે તમે મહત્વાકાંક્ષા અને આધિપત્ય જુઓ છો અને તેને સમજો છો; ત્યારે તમે એ જોવાની શરૂઆત કરો છો કે આધિપત્ય ક્યારે અને ક્યા તબક્કે જરૂરી છે - જેમ કે પોલીસનું આધિપત્ય અને તેથી વધારે કોઈનું નહીં. ત્યાં શીખવા માટે કોઈનું આધિપત્ય નથી હોતું, કોઈના જ્ઞાનનુ આધિપત્ય નહી હોતું, કોઈની ક્ષમતાનું આધિપત્ય નથી હોતું, સામાજિક પ્રતિષ્ઠા મળે તેવું કાર્ય કરવા માટે કોઈનું આધિપત્ય નથી હોતું. ગુરુ, શિક્ષક અને બીજા બધાના આધિપત્યને સમજવા માટે કુશાગ્ર મનની અને સ્પષ્ટ મગજની જરૂર પડે છે, નહીં કે ઝાંખા મગજની કે મંદ મગજની.

*જીવનનું પુસ્તક -*
*કૃષ્ણમૂર્તિના સાથે રોજરોજ ધ્યાન, જાન્યુઆરી ૧૫*

## તમે જ આ શોષણ કરનારાઓના સર્જકો છો

**આ**ધ્યાત્મિક વિશ્વમાં સલામતીની શોધ અમરત્વ માટેની ઇચ્છા દ્વારા અભિવ્યક્ત થાય છે. દરેક માણસમાં સ્થાયી, શાશ્વત રહેવાની ઈચ્છા રહેલી છે. બધા ધર્મો આવા ભવિષ્યમાં અમરત્વની ખાતરી આપે છે, જે બીજું કંઈ નથી પણ અહંભાવી અમરત્વનું જ એક સૂક્ષ્મ સ્વરૂપ છે. હવે, જે કોઈ પણ આવી સ્વાર્થી અખંડતાની ખાતરી આપતું હોય, કે જેને તમે અમરત્વ કહો છો, તે સભાનપણે અથવા તો અભાનપણે તમારો અધિકારી બને છે. વિશ્વના વિવિધ ધર્મો તરફ નજર દોડાવો, અને તમે જોશો કે તમારી પોતાની સલામતી માટેની, આત્મોદ્ધાર માટેની, અખંડતા માટેની ઇચ્છામાંથી તમે એક સૂક્ષ્મ અને નિર્દય અધિકારીનું સર્જન કર્યું છે, જેના તમે સદંતર ગુલામ બની ગયા છો, અને જે સતત તમારા વિચારને, તમારા પ્રેમને પાંગળા કરી રહ્યો છે.

હવે, આ અધિકારીનો અર્થ સમજાવવા માટે તમારે અનિવાર્યપણે મધ્યસ્થીઓ જોઈએ, જેને તમે ધર્મોપદેશકો કહો છો, જેઓ વાસ્તવમાં તમારું શોષણ કરનારાઓ બની જાય છે. (તાળીઓ) કદાચ તમે ઘણી વહેલી તાળીઓ પાડો છો – કારણ કે તમે જ આ શોષણ કરનારાઓના સર્જકો છો. (હાસ્ય, તાળીઓ) તમારામાંના કેટલાક સભાનપણે આવા આધ્યાત્મિક અધિકારીઓનું સર્જન નહીં કરતા હોય, પરંતુ સૂક્ષ્મ રીતે, અજાણપણે તમે અન્ય પ્રકારોના શોષણ કરનારાઓનું સર્જન કરો છો. તમે કોઈ ધર્મોપદેશક પાસે જતા ન હો એવું હોઈ શકે, પરંતુ તેનો અર્થ એ નથી કે તમે શોષણ કરતા નથી અથવા તમારું શોષણ થતું નથી.

જ્યાં પણ સલામતી માટેની, નિશ્ચિતતા માટેની ઇચ્છા હોય, ત્યાં અનિવાર્યપણે અધિકાર હોય જ; અને તમે પોતાની જાતને સંપૂર્ણપણે તે લોકોના હાથમાં સોંપી દો છો, જેઓ તમારું માર્ગદર્શન કરવાની, તે સલામતીનો પ્રત્યક્ષ અનુભવ કરવામાં તમારી મદદ કરવાની ખાતરી આપે છે. માટે આખાયે વિશ્વમાં ધર્મો સ્થાપિત હિતોનું, અને સંગઠિત, સંકુચિત માન્યતાનું અધિષ્ઠાન બની ગયા છે. (તાળીઓ) સાહેબો, શું હું કશુંક સૂચવી શકું? તાળીઓ પાડવાની તસ્દી ન લો, કેમ કે તે સમયનો બગાડ છે.

મોન્ટેવિડિઓ, ઉરુગ્વે, જૂન ૨૧, ૧૯૩૫

## ગુજરાતી ભાષામાં સબટાઈટલ્સ

કૃષ્ણજીનાં પ્રવચનો યૂ ટ્યૂબ ઉપર ઉપલબ્ધ છે, તે આપ સૌ જાણો છો. હવે તે પ્રવચનોમાં ગુજરાતી ભાષામાં સબટાઈટલ્સ મૂકવામાં આવી રહ્યાં છે, જેથી જે લોકો અંગ્રેજી કરતાં ગુજરાતી ભાષા વધુ સારી રીતે જાણતાં હોય તેઓને આ પ્રવચનો સમજવામાં મદદ મળે. અલબત્ત, આ કામ પુષ્કળ છે અને સતત ચાલતું રહેવાનું છે. અત્યાર સુધીમાં કૃષ્ણજીનાં રાજઘાટ, દિલ્હી ખાતેનાં ૧૯૮૫નાં બે પ્રવચનોમાં ગુજરાતી સબટાઈટલ્સ અપલોડ કરી દેવામાં આવ્યાં છે. આની લિન્ક્સ નીચે પ્રમાણે છે:

https://youtu.be/-4T2l9ekS-M

https://youtu.be/LMi3F-Zv5XQ

ગુજરાતી ભાષામાં સબટાઈટલ્સ સિલેક્ટ કરવા માટે યૂ ટ્યૂબ સ્ક્રીનમાં નીચે જમણી બાજુ ‘Settings’ (સેટિંગ્સ) બટન છે તે દબાવો. ત્યાર બાદ પોપ-અપ વિન્ડો (Window) ખૂલશે, તેમાં ‘Subtitles’ (સબટાઈટલ્સ) દબાવો. પછી બીજી એક વિન્ડો ખુલશે જેમાં કેટલીક ભાષાઓનાં નામ દેખાશે, તેમાં ’Gujarati’ (ગુજરાતી) ઉપર ટીક ☑ કરો. આ રીતે વિડિઓ નીચે ગુજરાતી સબટાઈટલ્સ સહિત દેખાશે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધાં પુસ્તકો, ડીવીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઇ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.
કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વિડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.
કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,
ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વનિ: (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website : www.kfionline.org
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિમંત નિવાસ,
૩૧, ડુંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઇ - ૪૦૦૦૦૬
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિદ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમ જ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેઇલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856   Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.
Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte
Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com